Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૮

અંક ૧ લો. શ્રાવણ



પ્રકાશક,

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અંકમાં


| | | | |
|---|---|---|---|
| ૧. પ્રભુ સ્તુતિ | ૧ | ૧૧. જીવન–સાફલ્ય | ૧૯ |
| ૨. આત્માનંદ પ્રકાશને નૂતન વર્ષનો સંદેશ | ૨ | ૧૨. આચાર્ય અમરકીર્તિ | ૨૦ |
| ૩. નૂતન વર્ષનું મંગલમય વિધાન | ૩ | ૧૩. ચાતુર્માસિક કર્ત્તવ્ય | ૨૩ |
| ૪. નૂતન વર્ષાભિનંદન–કાવ્ય | ૮ | ૧૪. 'ધર્મવીર ઉપાધ્યાય' માટે અભિપ્રાય | ૨૬ |
| ૫. વિવેકના પંથે | ૯ | ૧૫. પ્રાતઃસ્મરણીય પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજના સ્વર્ગવાસની નોંધ | ૨૭ |
| ૬. અંતરઝરણુ યાને તત્પરતા | ૧૧ | ૧૬. સ્મરણાંજલિ | ૨૭ |
| ૭. નવતત્ત્વ પ્રકરણ | ૧૨ | ૧૭. વર્તમાન સમાચાર | ૩૦ |
| ૮. રાગદ્વેષનો તાત્ત્વિક વિચાર | ૧૪ | ૧૮. સ્વીકાર–સમાલોચના | ૩૨ |
| ૯. શ્રી જૈનાગમ નિયમાવલી | ૧૬ | | |
| ૧૦. સામાન્ય જિન સ્તવન | ૧૮ | | |


### અમારા માનવંતા ગ્રાહકોને ૩૯–૪૦ મા વર્ષનું ભેટ પુસ્તક.

### " શ્રી વિજયાનંદસૂરિ "

આ માસથી 'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ૪૦ મા વર્ષમાં પ્રવેશ કરે છે. ચાર વર્ષથી 'આત્માનંદ પ્રકાશ' માસિકનું કદ ( મોટામાં મોટું ) ક્રાઉન આઠ પેજી કરેલ છે. વળી વિદ્વાન મુનિમહારાજાઓ અને લેખક બંધુઓના વિવિધ લેખોવડે અને દરમાસે નિયમીત નવીન સુંદર રંગોના તીર્થોના ફોટાવડે સુશોભિત, સુંદર અક્ષરો અને સુંદર ટાઇટલવડે સમૃદ્ધ બનેલ હોવાથી ખર્ચ પણ સ્વાભાવિક વધેલ છે.

હાલમાં ચાલતી સખ્ત મોંઘવારી હોવા છતાં તેને માટે બીલકુલ ફંડ નહિ કરતાં, ભેટની બુકમાં પણ કસર કે છાપકામ, કાગળ, બાઇન્ડીંગમાં કશો પણ ફેરફાર નહિ કરતાં સુંદર પુસ્તક–એક મહાન પુરુષનું જીવન ચરિત્ર ભેટ આપવામાં આવેલ છે. એ મહાન પુરુષ ( શ્રી આત્મારામજી મહારાજ ) એમના સમયના યુગપ્રધાન પુરુષ હતા. જૈન સંઘને વીંટી વળેલો દોઢસો બસો વર્ષનો અંધકાર એમણે એકલે હાથે ઉલેચ્યો હતો. શાસ્ત્ર-ભંડારોમાં ઢંકાઈ રહેલાં રત્નો એમણે ખૂલ્લાં કરી બતાવ્યાં હતા, તેઓ જેટલા ક્રિયાપરાયણ હતા તેટલા જ અધ્યયનશીલ હતા, જેટલા ક્રાંતિકારી હતા તેટલા જ ઋજુ અને નમ્ર હતા, જેવા ઉપાશ્રયના ઉપદેશક હતા તેવા જ સમર્થ પ્રચારક પણ હતા. સંયમ અને સિંહગર્જનાનો સુંદર સમન્વય એમની આકૃતિમાં, એમના સાહિત્યમાં અને જીવનવ્યવહારમાં પણ જોઇ શકાય છે. આવા એક મહાન પુરુષના ચારિત્રજીવનમાં બનેલા અનેક સુંદર પ્રસંગોનું વિસ્તારપૂર્વક વર્ણન આ ભેટની બુકમાં આપવામાં આવ્યું છે. જીવનચરિત્ર એ મનુષ્ય જીવનને ઉન્નત બનાવવામાં અને મોક્ષ સુધી લઇ જવામાં એક માર્ગદર્શક વસ્તુ છે.

**આ સુંદર ભેટનું પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને વર્ષ ૩૯ તથા ૪૦ ના બે વર્ષના લવાજમના રૂા. ૩–૮–૦ તથા વી. પી. ખર્ચના રૂા. ૦–૬–૦ મળી રૂા. ૩–૧૪–૦ ના વી. પી. થી મોકલવું શરૂ કર્યું છે. તે વી. પી. આવેથી અમારા માનવંતા ગ્રાહકો સ્વીકારી લેશે. કોઇપણ કારણે વી. પી. સ્વીકાર્યા વગર પાછું મોકલી, આવા મોંઘવારીના વખતમાં નાહક જ્ઞાનખાતાને નુકસાન નહિ કરવા નમ્ર સૂચના કરીએ છીએ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૮ : શ્રાવણ :
અંક : ૧ લો : વીર સં. ૨૪૬૮ ઈ. સં. ૧૯૪૨ : ઑગષ્ટ :

## પ્રભુ સ્તુતિ

**पायाद् वो वासुपूज्याङ्गकान्तिः काऽप्यरुणारुणा ।**
**या सतां स्वान्तसङ्क्रान्ता, मुक्तिकान्ताऽनुरञ्जिनी ॥**

મુક્તિરૂપી વધુના અનુરાગને ઉપજાવતી, સાધુપુરુષોના અંતઃકરણમાં સંક્રમેલી-પ્રસરેલી, અરુણોદયના જેવી રક્ત-લાલ વર્ણવાળી શ્રી **વાસુપૂજ્યસ્વામી**ની શરીરકાંતિ તમારું રક્ષણ કરો.

**दृष्टोऽपि हृष्टजनलोचनचंद्रकांत-मश्रांतमांतरजलाविलमादधानः ।**
**चंद्रप्रभुर्जयति चंद्र इवेशमित्रं, चित्रं पुनः शुभशताय यदष्टमोऽपि ॥**

જે દર્શન માત્રથી હર્ષ પામતા જનોના લોચનરૂપ ચંદ્રકાંતને સતત આંતરજળ-પ્રમોદયુક્ત બનાવનાર એવા શ્રી **ચંદ્રપ્રભસ્વામી** શિવમિત્ર-ચંદ્રની જેમ જયવંત વર્તે છે. ચંદ્રમા તો અષ્ટમ સ્થાને રહેતાં મિત્રને વિઘ્નકર્તા થાય છે, ત્યારે આ આઠમા જિનેશ્વર છતાં અનેક શ્રેય કરનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'આત્માનંદ પ્રકાશ' ના નૂતન સંવત્સર માટે શુભેચ્છક સંદેશ'

[ લેખકઃ—પં. શ્રીમાન ધર્મવિજયજી મહારાજ ]

"પુદ્‌ગલના પરિણામમાં જબલગી આનંદ આવે સદા,
તબલગ આથડવું અહીં તહીં બને પામે ન શાંતિ કદા;
તે માટે પરિણામ એ પરિહરી સેવો ભવીજન ! મુદા,
આત્માનંદ પ્રકાશને શુભ મતે ! દૂરે ટળે આપદા:"

સર્વ કોઇ સંસારી જીવાત્માનું ચોર્યાશી લાખ જીવાયોનિમાં જે પરિભ્રમણ થયા કરે છે, તે પરિભ્રમણમાં તાત્ત્વિક કારણ જો કોઇપણ હોય તો કર્મસંયોગી આત્માનું પુદ્‌ગલાનંદીપણું તે જ પ્રધાન કારણ છે. આત્માનો સહજ સ્વભાવ તો આત્માનંદીપણાનો જ છે, એમ છતાં પરપરિણતિમાં આત્માને જે આનંદ આવે છે, બાહ્ય ભૌતિક પદાર્થોની અનુકૂલતાના પ્રસંગમાં જે તન્મયપણું જોવાય છે તે આત્માની સાથે અનાદિ કાલથી સંબદ્ધ કર્મસત્તાનો જ પ્રભાવ છે. કર્મસત્તા વસ્તુતઃ આત્મસત્તા નથી કિંતુ આત્માથી પરસત્તા છે અને એ પરસત્તાના સંબંધને અંગે જ પરપરિણતિમાં આત્માને આનંદ આવે છે, અને એ પરપરિણતિમાં પણ આત્માને આનંદ ત્યાં સુધી જ હોય છે કે પરવસ્તુમાં–કિંવા પરભાવમાં પણ નિજ વસ્તુનું અથવા સ્વભાવનું ( વિપરીત ) મન્તવ્ય હોય ત્યાં સુધી જ. પરભાવમાં પણ સ્વભાવનો ખોટો ખ્યાલ જ્યાં સુધી હોય ત્યાં સુધી જ ઇષ્ટ ભૌતિક વિષયોની પ્રાપ્તિમાં મોજ મનાય છે અને અનિષ્ટ ભૌતિક વિષયોના સંયોગમાં દુઃખ અનુભવાય છે.

તત્ત્વનિર્ણય( ભલે તે સમજણપૂર્વકનો હોય કે ઓઘસંજ્ઞાજન્ય હોય )પૂર્વક સમ્યગ્દર્શન કે જે કેવલજ્ઞાનનું એક અનુપમેય કિરણ છે, મહાનન્દરૂપી કલ્પતરૂનું અસાધારણ–અવન્ધ્ય બીજ છે તે આત્મિક ગુણનો વિકાસ–આવિર્ભાવ થવાની સાથે જ આજ સુધીના જીવનમાં એકદમ પલટો આવે છે. અદ્યાવધિ સ્વસંપત્તિને પરસંપત્તિ માનવા સાથે તેના વિકાસ માટે, તેના રક્ષણ માટે આત્મામાં કેવલ જે દુર્લક્ષ્ય હતું અને પરસંપત્તિને સ્વસંપત્તિ તરીકે ગણી તેની પ્રાપ્તિમાં તેમજ રક્ષણમાં રાત્રિદિવસ અથાગ પરિશ્રમ ઉઠાવવામાં એકાગ્રતા હતી તેને બદલે હવે, મારૂં શું છે ? અને પર' શું છે ? તેનો યથાર્થ ખ્યાલ આવવાથી આત્મા પુદ્‌ગલાનંદી મટી આત્માનંદી થાય છે, આત્મિક ગુણોના વિકાસમાં જ કટિબદ્ધ બને છે. બાહ્યભાવનાની પ્રવૃત્તિ જે થતી હોય તે પણ નિરૂપાયે જ કરવી પડે છે અને એમ થતાં નૂતન કર્મબન્ધની અલ્પતા થવા સાથે સમ્યગ્જ્ઞાન–સમ્યક્‌ચારિત્રાદિ અનન્ય નિરૂપમેય સાધનોદ્વારા આત્માની સાથે સંબંધ પામેલ પ્રાચીન કર્મસત્તાને ખંખેરી નાખી આત્માના સાચા આનંદને પ્રાપ્ત કરે છે, આત્માના સંપૂર્ણ પ્રકાશનો આવિર્ભાવ થાય છે.

"**આત્માનંદ પ્રકાશ**" એ અભિધાન જ એવું અનુપમ છે કે–એ અભિધાનની અર્થ વિચારણાનું અન્વેષણ કરવામાં આવે તેમજ તે અભિધાનમાં રહેલા વાસ્તવિક અર્થની આચરણા સ્વાનુભવપૂર્વક થાય તો જરૂર "આત્માનંદ પ્રકાશ"ના ઓજસ્વી કિરણો લોકાલોકવ્યાપી બને, અને એ પ્રમાણે થાય તો જ આ માસિકના ઉત્પાદક, માસિકના સંચાલક, માસિકમાં આવતા લેખોના લેખક અને માસિકના વાચકવર્ગનો પરિશ્રમ સફલ થયો ગણી શકાય. નૂતન સંવત્સરમાં પદાર્પણ કરતું આ "આત્માનંદ પ્રકાશ" માસિક પત્ર પોતાના ઉત્પાદક વર્ગને–સંચાલક વર્ગને, લેખન સામગ્રી પૂર્ણ કરનાર વર્ગને અને વાચકવર્ગને પુદ્‌ગલાનંદીપણાના દોષમાંથી મુક્ત કરી આત્માનંદી બનાવી સંપૂર્ણ આત્માનંદ પ્રકાશનો આવિર્ભાવ કરવામાં સફલ થાય અને ચિરાયુષ્ય બને એજ શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષનું મંગલમય વિધાન

## વિશ્વનું તિમિરાચ્છાદિત ભાવિ—

નવા વર્ષના મંગલમય વિધાનનો વિચાર કરતાં જ આજે એટલે કે ૪૦ મા વર્ષમાં પગ મૂકતાં જ, ચોમેર વ્યાપી રહેલી સંહાર અને પાયમાલી, શાહીવાદ અને સરમુખત્યારશાહીની ભયંકર ભૂતાવળ આપણી આંખ આગળ ખડી થાય છે. એવા પણ ભાગ્યશાળીઓ હશે કે જેને આજના વિશ્વવ્યાપી સંગ્રામની જ્વાલા નહિ સ્પર્શી હોય તેમ એવા મહાભાગ આશાવાદીઓ પણ હશે કે જેમને આજના રક્ત અને આંસુમાં ગ્લાનિ અને વિષાદમાં કોઇ ગૂઢ—અગમ્ય મંગલની ઝાંખી થતી હશે. અલબત્ત રાત્રિનો અંધકાર ચિરસ્થાયી તો નથી જ હોતો—અંધકાર ઓગળવાનો અને પ્રકાશનો પ્રવાહ નિર્ઝરવાનો એ જેમ સનાતન સત્ય છે તેમ વિશ્વ રચનાના મંગલમય વિધાનમાં પણ ઘણીવાર કાજળકાળાં ધાળાં ધસી આવતા દેખાય છે—મંગળ કિરણોને ઘડીભર આવરી લે છે. ભૂલો પડેલો—વિકટ અટવીમાં આવી ચડેલો માનવી એ વખતે એવો ભયત્રસ્ત બને છે કે પ્રકાશ—વધુ પ્રકાશ સિવાય એના અંતરમાંથી બીજી એકે યાચના બહાર નથી પડતી. આખું યે વિશ્વ આજે જાણે કે અનિશ્ચિત ભાવીની અંધકાર—રજનીથી ઘેરાઇ ગયું છે. બુદ્ધિ અને તર્ક પણ આવતી કાલની કલ્પના કરતાં ચકાવે ચડી જાય છે. આખે અંગે રક્તથી ખરડાયેલું યુરોપ, એશીઆ અને આર્યાવર્તને કઇ દિશામાં ખેંચી જશે તેની કલ્પના થઇ શકતી નથી. વિહ્વળ અંતર પોકારી ઉઠે છે. "વિશ્વના આવા મંગળમય વિધાનમાં આ અવ્યવસ્થા, આ નિર્દયતા, આ પશુતા અને ભયંકરતા કયાંથી ઉતરી આવી ?"

## જ્યારે અંધાર-પડદા ઊતરતા હતા—

એકાએક તો એ નથી જ ઊતરી આવી. આવા વ્યવસ્થિત સંહાર, ત્રણ—ચાર વર્ષ લગી સતત્ રાત દિવસ લડતા રાષ્ટ્રો અને સાત સમુદ્રને વીંધીને આવતી જ્વાળાઓને અકસ્માત્ કોણ કહે ? વર્ષા આવતા પહેલાં આકાશમાં જે આંધીઓ ચડે છે અને તોફાની વાયુ જે વાવાઝોડા જન્માવે છે તે પણ અકસ્માત તો નથી જ—એની છુપી તૈયારીઓ ઘણા કાળથી ચાલતી હોય છે. આપણે એનું રહસ્ય નથી જાણતા એટલે એને સગવડની ખાતર અકસ્માત્ માની લઇએ છીએ. વિશ્વના સુધરેલા ગણાતા રાષ્ટ્રોએ જ્યારથી ભોગ—ઉપભોગની ઉપાસના આદરી અને સત્તા, સંપત્તિ, વ્યાપાર, વિજ્ઞાન અને રાક્ષસી કળ—કારખાનાં એજ માત્ર સાચી શક્તિ છે; આત્મા, પુણ્ય—પાપ, પરલોક અને ઇશ્વરની-અવગણના કરીને, શક્તિની જ સોળ પ્રકારની પૂજા કરવા માંડી ત્યારથી સાધુ પુરુષો, મુનિપુંગવો અને ચિંતનશીલ વિચારકોએ વિશ્વ ઉપર અંધાર પડદા ઊતરતા હોવાની કલ્પના કરી લીધી હતી. આ શક્તિની ઉપાસના ભારે પ્રલય મચાવવાની, એ વિષે એમના અંતરમાં લેશમાત્ર શંકા નહોતી. પણ એમણે આપેલી સાવચેતીની, શક્તિના ઘેનમાં ચકચૂર બનેલા માનવીઓએ મુદ્દલ પરવા ન કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજ્ઞાન પોતાની ગર્વભરી વાણીમાં કહેતું. "ઓ માનવબાળ ! તું રગસીયા ગાડામાં કે પગે ચાલીને જાત્રા કરવા જતો ત્યારે રસ્તામાં કેવો દુઃખી-કેવો હેરાન થતો ? ચોર લૂટારાઓ અને જંગલી પશુઓનો કેટલો ભય રહેતો ? આજે મહિનાનો માર્ગ તું એક કલાકમાં કાપી શકે છે-ચોર લૂટારા અને વાઘવરૂનો ભય ગઇ કાલની વસ્તુ બની ગઇ છે. વિજ્ઞાનનો આ તારી ઉપર થોડો ઉપકાર છે? શક્તિની અને ભોગ ઐશ્વર્યની ઉપાસના કે આરાધના ન કરી હોય તો તું આજે કેવી જંગલી દશામાં હોત ?"

## નરી શકિતની આરાધના વિધાતા છે.

વિજ્ઞાનીઓને અને શક્તિના ઉપાસકોને હવે આપણા જવાબની જરૂર નથી. એમણે પોતે જ એવું ઘોર સંઘર્ષણ ઊભું કર્યું છે કે પોતે ઉપજાવેલા સત્યાનાશમાંથી શી રીતે બચવું એ એમને પોતાને જ નથી સમજાતું. વૃદ્ધો નાના બાળકોને વાર્તા કહેતા ત્યારે એક રાક્ષસની કથા કહેતા: "રાક્ષસે ખૂબ ખૂબ તપશ્ચર્યાને અંતે એવી શક્તિ મેળવેલી કે જેની ઉપર એ હાથ મૂકે તે બળીને રાખ થઇ જાય, એને શસ્ત્રસામગ્રી કે સૈન્યની પણ જરૂર ન પડે, દુશ્મનને માથે હાથ મૂકે એટલે એનો વિનાશ થઇ જાય: ગામ-કીલ્લાને જરા હાથ અડાડે એટલે એ બળીને રાખ થઇ જાય. પણ એના બળનો દિગ્વિજય જ્યારે પૂરો થયો અને તેણે પોતાના માથે હાશ કરીને હાથ મૂકયો એટલે પોતાની શક્તિ પોતાને જ શાપરૂપ બની ગઇ. આમાં કલ્પનાની અતિશયોકિત જેવું લાગશે. પરંતુ એક શકિત જે પ્રત્યાઘાતી શકિતઓ પ્રકટાવે છે તેનો વિચાર કરીએ તો ભોગ વિલાસના મૂળમાં વિનાશ કિંવા ક્ષય જેમ છુપાયેલો હોય છે તેમ નરી શક્તિની આરાધના પ્રતિસ્પર્ધી અથવા હરીફ બળ સ્વાભાવિક રીતે જ પેદા કરે છે એમ લાગશે. કુદરતનો જ એ ક્રમ છે. વિજ્ઞાને જ્યારે અંતરાયો અને વિરોધની સામે લડી આટલી શકિત નહોતી મેળવી ત્યારે માનવબાળ દુર્બળ કે પંગુ હતું, બીકણ કે કંગાળ હતું એમ કોણ કહે છે ? વિજ્ઞાને ભલે અંતરાય ઉપર વિજય વર્ત્તાવ્યો, પણ જ્યારે જૂના યુગનો ખડતળ પુરુષ પગે ચાલીને કે સાર્થવાહના સંઘમાં ભળી જઇને દેશાટન કે તીર્થાટન કરતો ત્યારે બહારના શત્રુઓ સામે થવાનું તે બળ કેળવતો એટલું જ નહિં પણ એ પોતાના અંતરંગ વેરીઓને પણ ઓળખવાનો અને તેની સામે લડવાનો અવકાશ મેળવતો. ભૂખ, તરસ, થાક, ભય ઉપર એ પોતાનો વિજય વર્તાવતો. રસ્તે અનાયાસે મળતા ઋષિ, મુનિઓ, તપસ્વીઓ, વિરાગી મહાત્માઓને ભેટો કામ-ક્રોધ-લોભ આદિ ચિરકાલીન શત્રુઓની સામે પોતાની શકિતનો પ્રયોગ કરવા ઉદ્યત બનતો. એનું પર્યટન દેહને તેમજ અંતરને સમૃદ્ધ બનાવતું. આજની વિજ્ઞાને ઉપજાવેલી સુખશીલતા અને વિલાસિતાએ, ગતિ અને વિનાશકતાએ એક તરફ પરવશતા તો બીજી તરફ પશુતાનો કેવો કાળો કેર વર્તાવ્યો છે તે આજે કોનાથી અજાણ્યું છે ?

## વિશ્વને નમો અરિહંતાણંનો પાઠ આપ્યો.

શકિતની ઉપાસના નિરર્થક છે એમ અમે નથી કહેતા. શ્રમણ સંસ્કૃતિ શકિતમાં નથી માનતી એવો કેટલાકો આરોપ મૂકે છે. ભ૦ મહાવીર અને ગૌતમ બુદ્ધના ઉપદેશના પ્રતાપે શકિત ક્ષીણ થઇ અને આપણે નિર્વીર્ય બન્યા એમ કેટલાક અર્ધદગ્ધો કહે છે, પણ અમે કહીએ છીએ કે જગતને જેણે **नमो अरिहंताणं** ને **नमो सिद्धाणं**ના પાઠ શીખવ્યા તે શું શકિતની ઉપાસના વિના ? અરિઓ એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુશ્મનો ઉપર વિજય વર્તાવનારને પહેલો નમસ્કાર કરવાની દૃષ્ટિ અને અધિકાર કોણે આપ્યો ? જે વખતે સરજનહાર અને અવતારની કલ્પના સાર્વભૌમ જેવી બની હતી-ઇશ્વરી દંપતિ યુગલોને બીરદાવવા અને તેમના ભકિત-શૃંગારયુકત સ્તુતિ-સ્તોત્ર લલકારવા સિવાય, રંગબેરંગી વાદ્યાઓથી શણગારવા અને તેમની સન્મુખ રાસ-ગાનના રંગરાગ ખેલવાં સિવાય બીજું પારમાર્થિક તત્ત્વ વિચારવાનો અવકાશ જ નહોતો તે વખતે અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાન જેવા દુનિયાના અદ્દભુત અને અલૌકિક વિજેતાઓને નમવાની, એમના પદાંકને અનુસરવાની એટલે કે વિજેતાની જેમ માનવ સ્વભાવગત નબળાઈઓને હણવાની.અને આત્મ-શક્તિ સ્ફુરાવવાની હાકલ કોણે સંભળાવી ? બહારના રિપુઓનું દમન તો સહજ છે, પણ જે *અંતરરિપુઓ રોજ રોજ નવા વેરીઓ ઉભા કરે છે, નવા નવા સંઘર્ષણો અને સંગ્રામો ઉભા કરે છે, નવા રકતપાત અને ભયંકર હિંસાના નિમિત્તો ખડા કરે છે તેની સામે સિંહ સરીખી વૃત્તિથી લડી લેવાની વિચારશ્રેણી કોણે માંડી ? શ્રમણસંસ્કૃતિનો-જૈન દર્શનનો જ એ પ્રતાપ છે. જૈન દર્શને જ જગતને સરળ અને સહજ, લોકભોગ્ય અને વિદ્વદ્-ભોગ્ય વાણીમાં ઉચ્ચાર્યું : "દુશ્મન બહાર નથી, અંદર છે; શકિત પણ સાધનોમાં નથી; અંતરમાં જ શકિતનો એક મહાસાગર ઘૂઘવી રહ્યો છે.'

## શ્રમણ સંસ્કૃતિનો સંદેશ—

શક્તિના ઉપાસકો આજે ભાન ભૂલ્યા છે. જે શકિત નાશ નથી વાંછતી પણ નવસર્જન ચાહે છે, જે તાકાત ભેદ કે વિરોધ નહિ પણ પ્રાણીમાત્રની સાથે અભેદ અને તાદાત્મ્ય ઉપ-જાવે છે તે જ સાચી શક્તિ છે. એને નથી જોઈતી દુનિયાભરની દોલત, એને નથી જોઇતું વિશ્વનું સામ્રાજ્ય: આત્માની સમૃદ્ધિ અને સત્તાની જેને એકવાર પણ ઝાંખી થઇ તેને બાહ્ય સામગ્રી-ભલે પછી તે મોટા ચમરબંધીની હોય તો પણ તુચ્છ લાગે છે. જૈન સંસ્કૃતિનો એ મુખ્ય સિદ્ધાંત છે. એ સિદ્ધાંતને જુદી જુદી દૃષ્ટિએ જુદા જુદા દેશ-કાળમાં સમજાવવાનો પૂર્વપુરૂષોએ પ્રયત્ન કર્યો છે. એમાંથી જ મંગળ-મય વિધાનનો સૂર્ય એક દિવસે ઝળહળશે.

આત્મશકિતની આરાધનાનું, અને શ્રમણ સંસ્કૃતિના પ્રચારનું સ્વપ્ન સેવતાં આ માસિકે ગત વર્ષમાં કઇ કઇ લેખ સામગ્રી વાચકો પાસે ધરી તેનું સહેજ દિગ્દર્શન કરી લઇયે :

## ગત વર્ષની લેખ સામગ્રી—

માળાના મણુકા જેવા બરાબર ૧૦૮ લેખોમાં ગયા વર્ષની ગદ્ય-પદ્યાત્મક સામગ્રી સમાઇ જવા પામી છે, એમ છેલ્લા અંકમાં છાપેલી વિષયાનુક્રમણિકા સૂચવે છે. ૪૭ જેટલા કાવ્યો, ૨ અપદ્યાગદ્ય અને બાકીના ઉદ્દબોધક તેમજ પ્રેરક લેખોથી ગત વર્ષનો અક્ષરદેહ પરિપુષ્ટ બન્યો છે. પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજ જેમનો પવિત્ર શ્રુતજ્ઞાન સંબંધી લેખ સમ્યકૃત્વ સ્વરૂપને ઓળખાવનારો તેમજ આત્માને અધ્યા-ત્મભાવે લઇ જનારો છે. પંન્યાસજી મહારાજ આગમ, પ્રકરણો વગેરેના પ્રખર અભ્યાસી, વિદ્વાન્ હોવાથી પ્રેરણાદાયી સત્યસ્વરૂપ જણાવ-નાર છે. મુનિશ્રી ન્યાયવિજયજીનો પર્યુષણા મહાપર્વનો દિવ્ય સંદેશ તેમજ મુનિશ્રી હેમેંદ્ર-સાગરજી મહારાજનો ડોલન શૈલિવાળો, કલ્પના અને અલંકારથી શોભતો પર્વાધિરાજવાળો:લેખ હંમેશા તાજો જ લાગે એવા સર્વકાલીન છે. ડૉ. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતાનો આત્મ સિદ્ધિનું મહાપર્વ-પર્યુષણા ઉપરનો લેખ શાસ્રીયતાનો રસાસ્વાદ પૂરો પાડે છે. પર્યુષણ-

* ક્રોધ, માન, માયા અને લોભ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્વ જેમ વર્ષે વર્ષે આપણી વચ્ચે આવવા છતાં ચિરનૂતન અને પ્રેરણાદાયી લાગે છે તેમ આ ત્રણ લેખો જ્યારે વાંચીએ ત્યારે નવા અને ભાવોદ્દીપક લાગે એવા છે. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજીએ વિચારશ્રેણીમાં આત્મશુદ્ધિ અને ભાવનાશુદ્ધિ કેળવવાનો આગ્રહ કર્યો છે. અને એ જ અંકમાં રા. ચોકસીએ આત્માનંદ પ્રકાશના નૂતન વર્ષ પ્રવેશ નિમિતે પ્રેમથી મુક્તિ અને શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઈએ મુનિ સુંદરસૂરિના દેશ-કાળ તથા જીવન ઉપર પ્રકાશ નાખનારી લેખમાળા આરંભી છે. એજ અંકમાં પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજે, આત્માનંદ જૈન ગ્રંથમાળાના ૭૮ મા મણકારૂપે પ્રકટ થએલા વાસુપૂજ્ય સ્વામીજીના ચરિત્રની પ્રશંસાયુક્ત સમીક્ષા સાથે થોડા ઉપદેશપુષ્પો વેર્યા છે. મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજે ચોવીસ તીર્થંકરોના પુનિત નામો એક ગીતમાં ગૂંથી દીધા છે. ઉપદેશક પુષ્પોની સુવાસ ગત વર્ષના સાત અંકો સુધી સ્ફુરતી રહી છે. અને મુનિ સુંદરસૂરિ-લેખમાળા પણ ચાલુ છે. તેજ પ્રમાણે શ્રી મૃગાપુત્ર ચરિત્ર, નિશ્ચય અને વ્યવહારથી બારવ્રતનું સ્વરૂપ, ચારિત્રાચારના સંક્ષેપમાં આઠ પ્રકાર, તાત્ત્વિક ઉપદેશ વચનો વિગેરે મુનિશ્રી પુણ્યવિજય : સંવિગ્નપાક્ષિકની લેખપ્રસાદી છે. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજની વિચારશ્રેણી, જીવન મીમાંસા, મૃત્યુ સમીક્ષા, ખરૂં સહુ કામ બાકી છે ( કાવ્ય ) પાપના પંથે, ઉપદેશપદ, સાવધાન સદા સુખી, ધર્મસ્વરૂપ, તાત્ત્વિક વિચારણા, સુખદુઃખ વિચારણા, વિકાસના પંથે અને ભાવના બળ શું ન કરી શકે ઈત્યાદિ લેખો અધ્યાત્મના અભ્યાસીઓને જેમ આનંદ આપે છે તેમ વિરાગના રંગની મનોહરતા ખુલ્લી કરી બતાવે છે. મુનિશ્રી હંસસાગરજી મહારાજની, પ્રભુ મહાવીરે મોહમસ્ત જગત્‌ને ત્યાગધર્મ કેમ આપ્યો એ મથાળાવાળી લેખમાળા હજી અપૂર્ણ છે-પણ એ તાત્ત્વિક વિવેચન હોવા છતાં કથાનકોના રસથી આર્દ્ર છે. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજના સુભાષિત વચનામૃતો, કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ( કાવ્ય ), વિદ્યાર્થીઓને હિતસંદેશ, માનવને હિતોપદેશ, અજિત સૂક્તમાળા હે ચેતન, આત્મ સુખ પામ, યોગાનુભવ સુખસાગર, શ્રીવિજયાનંદસૂરિને ( સ્તુતિ કાવ્ય ) અને શ્રી વીરપ્રભુની સ્તુતિ ( કાવ્ય ) વિગેરેમાં વિવિધ નિમિત્તે પૌદ્ગલિક સુખના મૃગજળ પાછળ નહિ દોડતાં આત્મિક સામર્થ્ય વિકસાવવાની વિચારશ્રેણી રજુ કરી છે. શ્રીહેમેન્દ્રસાગરજી મહારાજે અલંકારયુક્ત જે કાવ્ય ઝરણા વહાવ્યું છે તે આ માસિકની કાવ્યસંપત્તિમાં ઉમેરો કરે છે. એમાં ભાવનાઓનો અને કલ્પનાઓનો સુમેળ છે એટલું જ નહિ પણ ગાંભીર્ય અને રસોલ્લાસ પણ તરી આવે છે. કવિ રેવાશંકર વાલજી બધેકાના મોતીની ઢગલીઓ જેવા નાના અન્યોક્તિ કાવ્યો પણ જેટલા બોધક તેટલા જ આમોદગર્ભિત છે. ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતાના સિદ્ધસ્તોત્રમાં વિવેચન અંગેનો ઊંડો અભ્યાસ અને અનુશીલન પ્રથમ દૃષ્ટિએ જ દેખાઇ આવે છે અને વિદ્વાનોના અભિનંદન તથા પ્રશંસા માગી લે છે. શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસીના પ્રેમથી મુક્તિ વિષે ઉપર ઉલ્લેખ થઇ ગયો છે. તે ઉપરાંત સ્તવનત્રિકનો સાર, વીરપણું તે આતમઠાણે ઐતિહાસિક દૃષ્ટિ, અહિંસાની અદ્‌ભુત શક્તિ, દેવીનો સંદેશ, આદિ લેખોમાં પોતાના વાંચન અને અનુભવના પરિપાક ઉપરાંત શુદ્ધ સ્ફુરણો પ્રવાહી શૈલિમાં નિવેદ્યાં છે. શ્રીયુત રાયચંદ મૂળજી પારેખનું ક્ષમાપના પદ, માસ્તર વિનયચંદ મોહનલાલ શાહનું નૂતન વર્ષાભિલાષ ( કાવ્ય ), શ્રી કનૈયાલાલ જ. રાવળ બી. એ. ની અમર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશા, પં. રામાનુજાચાર્ય વિરચિત શ્રી વિજયવલ્લભ સૂર્યાષ્ટકમ, સંગ્રાહક વી.નું ચક્રવર્ત્તી ચતુર્દશદ્વાર વર્ણન, શ્રીમાન્ કુંદકુંદાચાર્યના સાહિત્યમાંથી ઉદ્ધૃત શાસ્ત્રજ્ઞાન અને અન્ય સામયિકમાંથી ઉતારેલું શ્રી વિશ્વ સંસ્કૃતિમાં જૈન ધર્મનું સ્થાન, સાચો શ્રમણ, અપરિગ્રહ, છાત્રાલયો (લેખક-જૈન), મનઃશુદ્ધિ, શ્રી અમરચંદ માવજી શાહ લિખિત નવતત્ત્વ કાવ્ય, તમ મન ધનની સફળતા અને નિષ્ફળતા, અભ્યાસી બી. એ. અનુવાદિત એક એકાન્તવાસી મહાત્માનો ઉપદેશ, બાબુભાઈ મ. શાહનું અબુર્દગિરિ-કાવ્ય, શ્રીમાન સુયશના ઉપદેશ-પદો, વર્તમાન સમાચારો, સ્વીકાર અને સમાલોચના તેમજ પદવીપ્રદાન સમારંભના વૃત્તાંત વિગેરે સામગ્રી આ માસિકની એક પ્રકારની વિશિષ્ટતા પુરવાર કરે તેવી છે. એકંદરે જેમણે જેમણે લેખો, વિવેચનો, સ્ફુરણો, સંગ્રહ કાવ્યો, વિગેરેથી ગત વર્ષના અંકોને દીપાવ્યા છે તે સર્વનો તેમજ સરતચૂકથી કોઇ નામનો ઉલ્લેખ રહી ગયો હોય તો તેમનો પણ અહીં આભાર માની, આ સમીક્ષા અહીં જ આટોપીશું.

## સાહિત્ય અને જીવનમાં નવું જોમ પ્રકટાવે!

સાહિત્ય અને જીવનને એવો નિકટનો સંબંધ છે કે સાહિત્યમાં જીવનના પડઘા પડ્યા વિના ન રહે અને જીવનમાં સાહિત્યની છાયા ઊતર્યા વિના ન રહે. જેનું સાહિત્ય નિર્માલ્ય હોય તે કોઇ દિવસ બળવાન હોવાનો દાવો કરી શકે નહિ અને જેના જીવનમાં ચેતના કે વેગ ન હોય તેના સાહિત્યમાં પણ શું દમ હોય? જૈન સંઘના સ્વભાવમાં જ અંતઃશુદ્ધિની ઝરણીઓ છૂપી અણછૂપી વહેતી રહી છે તેમ તેના સાહિત્યમાં પણ ઉત્તરોત્તર એવો જ વિકાસ થતો રહ્યો છે. આજે તો જગતભરના જીવનમાં અને સાહિત્યમાં પણ ઉપરાઉપરી ધરતીકંપ જેવા આંચકા આવતા હોય એમ લાગે છે. જાણે કે વિશ્વ આખું સંક્રાંતિની વેદનામાંથી પસાર થઇ રહ્યું છે. આશાવાદીઓ તો કહે છે કે આજના આઘાત-પ્રત્યાઘાતો શમશે ત્યારે યથાર્થ માનવતાનો પ્રકાશ ઝળહળશે-વિશ્વનો ચહેરો તે દિવસે પલટાઇ ગયો હશે.

એ દિવસ તો ઊગે ત્યારે ખરો! અહિંસા, મૈત્રી, કરુણાની ભાગીરથીમાં સ્નાનશુદ્ધ બની વિશ્વની નવરચનાના વાઘા સજે ત્યારની વાત ત્યારે. પણ આજે તો આપણે નાના-મોટા મતભેદોને શમાવી દઈ, સંઘનું સંગઠન સાધવાની અને અનેકાંતવાદ-સ્યાદ્વાદ જેવા વિશ્વ સન્માનીય તત્ત્વોને સાહિત્ય તેમજ જીવન દ્વારા પ્રચાર કરવાની વિરલ તકનો સદુપયોગ કરી લેવો જોઇએ. આપણો દાવો તો એ જ છે કે જૈનશાસન વિશ્વોપકારક છે-વિશ્વધર્મ બની શકે એવી સઘળી શક્તિ અને યોગ્યતા એનામાં છે. માત્ર આપણાં રોજનાં જીવન અને સંગઠનમાં એનો કેમ કંઇ પ્રભાવ નથી પડતો એ એક સમશ્યા કોઈથી ઉકેલાતી નથી. આપણી શક્તિ એવા માર્ગે વેડફાઈ જાય છે કે આપણા ધ્યેય અને યોજના, અભિલાષ અને ઉદ્ગાર દીન-દરિદ્રના મનોરથ જેવા જ બની જાય છે. સાહિત્યમાં અને ઉપદેશકોના ઉપદેશમાં કોઇ કોઇ વાર ભારે ઘણપ્રહાર થતા સાંભળીએ છીએ. પરંતુ નક્કર, સંગીન પ્રગતિના હિસાબે એનું બહુ મૂલ્ય નથી અંકાતું.

નવા વર્ષમાં જૈન સંઘ વધુ સંગઠિત, પ્રગતિશીલ અને ઐકયસૂત્રથી ગ્રંથિત બને, સાહિત્યમાં નવું જોમ આવે, જીવનમાં ઉલ્લાસ અને આધ્યાત્મિકતાની અનેરી ચમક આવે એમ શ્રી શાસનદેવને પ્રાર્થી આ મંગલમય વિધાનની અહીં જ સમાપ્તિ કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षाभिनंदन.

દોહરા.

**जन्मतिथि** મમ આજ છે, હર્ષસિન્ધુ ઉભરાય;
**चालीशमा** શુભ વર્ષમાં, પ્રેમે ધરૂં છું પાય. ૧
વ્હાલા વાચકવૃંદને, આપું ધાર્મિક જ્ઞાન;
**आत्मानंद प्रकाश**નું, નિશ્ચળ એજ નિશાન. ૨
જૈન શાસનનો સૌ સ્થળે, વિકસો મમ મંત્ર;
સેવું છું હું આ **सभा**, ભવજળ તારક તંત્ર. ૩

હરિગીત છંદ.

ગુણીયલ રૂડા મમ ગ્રાહકો, આજે નમું છું પ્રેમથી,
વિકસી રહ્યું હું વિશ્વમાં, તે આપ હૃદયી રેંમથી;
જે જે કદર મારી કરે, તેના હૃદયમાં હું રમું,
એહું મને આજે શુભંકર, **वर्ष आ चालीशमुं**. ૧
સદ્ધર્મને સત્કર્મના, વળી ન્યાય નીતિ પંથના,
માર્ગો બતાવું જે લખ્યા છે, ગૌરવાન્વિત ગ્રંથમાં;
જ્યાં જ્યાં વસે મમ જૈન બન્ધુ, તે તરફ ભાવે ભમું,
એહું મને આજે સુધાકર, **वर्ष आ चालीशमुं**. ૨
આ તો વિષમ અતિકાળ છે, ચોતરફ, દુઃખની જ્વાળ છે,
તેમાંથી બચવા માત્ર એકજ ધર્મ કેરી ઢાલ છે;
હું છું ક્ષુધાતુર ધર્મનું, ધાર્મિક રસ ભોજન જમું,
એહું મને આજે સુમંગળ, **वर्ष आ चालीशमुं**. ૩
"આત્મોન્નતિ"નો માર્ગ શું? તેના લલિત લેખો લખું,
સંસારમાં સંકટ સમે, નથી **धर्म** સમ પ્રૌઢું પખું;
સદ્ધર્મ વિણ ગતિ જીવની, સંભારી દુઃખ દિલમાં દમું,
એહું મને આજે ઉજ્વળ, **वर्ष आ चालीशमुं**. ૪
આ જ્ઞાન કેરૂં ધામ છે, અંતર તણો આરામ છે,
ગુરુ વર્ય **आत्मानंदजी**નું, આ સભા શુભ નામ છે;
કર્તવ્ય ભૂલું મારૂં તો, ખુદ પાપના શાપો ખમું,
સાફલ્ય સેવા કારણે, **आ वर्ष छे चालीशमुं**. ૫

દોહરા.

**जन्मदात्री** મમ આ સભા, પ્રભાવંત પ્રખ્યાત,
પાળી પોષી પ્રેમથી, હૃદય થયું રળિઆત; ૧
જ્ઞાન-ધ્યાન ને દાનની, વહેજ્યો સરિતા નિત્ય,
સદ્ગુરુ ને સત્શાસ્ત્રની, સેવા રહેજ્યો ચિત્ત. ૨

ભાવનગર-વડવા કવિ રેવાશંકર વાલજી બધેકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવેકના પંથે

લેખક: આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આપણા માટે સંસાર વિચિત્ર છે. અજાયબી અને ખૂબીઓથી ભરેલો છે. આપણને ન સમજાય અને ન જણાય માટે જ. જે સમજે છે અને જાણે છે તેને વિચિત્રતા-ખૂબી-અજાયબી જેવી કોઇ વસ્તુ જ નથી. મદારી આંખો ઉગાડે, ફળ લગાડે ને ચખાડે તેમાં મદારીને અજાયબી કે ખૂબી હોય જ શાની? રેડીયો, વાયરલેસ અને ફોનોગ્રાફ આદિના આવિષ્કાર કર્ત્તાઓને વિચિત્રતા, અજાયબી કે ખૂબી કાંઇપણ માનસિક વિકૃતિ કરી શકતી નથી. તો પણ જ્ઞાનીઓ-કેવળજ્ઞાનીઓ આગળ વિચિત્રતા, અજાયબી અને ખૂબીનું શું ચાલી શકે? ન સમજનાર અને ન જાણનાર પોતાને અને દૃશ્ય વસ્તુમાત્રને ભગવાનની માયા કહીને પણ અચંબો પામે છે. સાચું સમજાયું કે જણાયું એટલે બસ. પછી કાંઇ ઊણપ રહેતી નથી તેમ જ કાંઈપણ કરવાનું બાકી રહેતું નથી. જાણે છે-સમજે છે તે જ મુક્તાત્મા, અને અણજાણ-અણસમજુ સંસારી આત્મા-બદ્ધ આત્મા. આપણે બદ્ધ એટલે સુદૂર તથા નિકટની વસ્તુઓથી બંધાએલા, આપણામાં આપણાપણાને ભૂલી બેઠેલા અને ઇતરને આપણા માનવાવાળા. છુટાય નહિ ત્યાં સુધી તો અકળાવાનું ને મુઝાવાનું આપણા માટે નિર્માણ થઇ ચૂકેલું જ છે. માનવદેહમાં પણ મુઝવણો હોય તો પછી સમજવાનું ને છૂટવાનું બીજે કયાં બનશે? માટે કાંઇક સમજી લઉં અને કાંઇક છૂટી લઉં તો સારું એવા એક જ નિર્ણય ઉપર અવાય નહિ ત્યાં સુધી તો અનવસ્થિત ચિત્તની ભ્રમણામાં પડવાથી ઇચ્છિત સ્થળે જવાના માર્ગ સન્મુખ થઇ શકાવાનું નથી.

માનવદેહમાં જીવીને આપણે બે જ કામ કરવાનાં રહ્યાં. બે કામ થયાં એટલે બન્નેની દિશા જુદી, નામ જુદાં ને કામ પણ જુદાં. એક કરીએ તો બીજું અટકી પડે. તે બે કામ કયા? હમણાંનું અને પછીનું. આ બેમાંથી હમણાંનું પારકું અને પછીનું આપણું. તો હવે પારકું કામ પહેલાં કરવું કે પોતાનું કામ પહેલું કરવું?

ભરત રાજાને બે વધાઇઓ સાથે આવી ચક્રરત્નની ઉત્પત્તિ અને પિતાજીને કેવળજ્ઞાન. ભરત મુઝાયો. ચક્રરત્નની પૂજા હમણાંનું કામ, પિતાજીની પૂજા પછીનું કામ. પહેલાં કયું કરવું? ક્ષણવાર વિચાર કરી, જન્મ મરણના અંતવાળો, છેવટના વિકાસી જીવનમાં વસવાવાળો, સાચો ડાહ્યો ભરત, હમણાંનું વિનશ્વર કામ છોડીને અંત વગરનું શાશ્વતુ પછીનું કામ કરવું યોગ્ય ધાર્યું અને કર્યું. આપણને એમ જણાશે ને સમજાશે પછી મુઝવણ શેની? અજાયબી અને વિચિત્રતા શેની?

સંસાર અનાદિકાળથી હમણાંનું કામ કરતો આવ્યો છે, પણ હજુ સુધી સફળતા મેળવી નથી. છેવટે નિરાશા જ મળી છે, આપણે સંસાર( હમણાં )ના કાર્યનું છેવટ તપાસીએ તો નિરાશ થઈને ચાલ્યા જવું અને હમણાંના કામમાં મદદગારને લાકડાં મૂકી ફૂટી બાળવું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું નામનિશાન પણ ન રહેવા દેવું, તેના આકારને લાકડાના ગોદા મારીને છૂંદી નાખવો. લાખો કરોડો ભેગા કરનાર, મોટા મોટા મહેલો બંધાવનાર, રાજા, ચક્રવર્તિ, ભીખ માગનાર, નાગો ફરનાર બધાની એક જ દિશા અને એક જ દશા.

ઘણા કાળ સુધી વળગી રહી હમણાંના કામમાં નિષ્ફળપ્રયત્ન બની નિરાશ થયેલા અનેક સંસારવાસીઓ, પછીનાં કામ પ્રારંભીને સફળતા મેળવી અને નિષ્કામ બની ગયા, નિરારંભી બન્યા, આશાવેલડીનાં મધુર અને સ્વાદુ ફળો ચાખી પૂર્ણ સ્વાદુ અને મધુર જીવન બનાવી ગયા.

વેપાર બંધ કર્યા પછી જ છેવટે જાણી શકાય કે શું મેળવ્યું અને શું ખોયું. વચમાં તો હજાર ખોવે અને દશ હજાર મેળવે. દશ હજાર ખોવે અને હજાર મેળવે. જાણી શકાય નહિ કે વ્યાપારમાં લાભ છે કે નુકસાન. આપણે હમણાં ન જાણી શકીયે કે માનવજીવનના વ્યાપારમાં શું મેળવ્યું ને શું ખોયું. પણ છેવટે જીવનની સમાપ્તિ પછી તપાસવાનું છે કે શું કમાયા અને શું ખોયું. વેપાર બંધ કરી અહિંથી જનારાઓને આપણે જોઇએ છીએ તો કોઇ પણ એવો નથી જણાતો કે જે છેવટે નિરાશ થઈને ન ગયો હોય. છેવટે આનંદથી, સુખથી સંતોષ જાહેર કરીને જનાર તો જેણે પછીના કામમાં જીવન વ્યતીત કર્યું હશે તે જણાશે. હમણાંના કામમાં જીવનારને સંતોષ તથા શાંતિ હોય જ. શાની. તે તો એમ જ સમજે છે કે હું મારું સર્વસ્વ ખોઈને જાઉં છું. અને પછીનું કામ કરનારો જાણે છે કે હું સારૂં કમાયો છું, અને તે સાથે લઇને જાઉં છું કારણ કે હું જે કાંઈ કમાયો છું તે મારી પાસે જ છે. માનવદેહમાં રહીને અબૂઝ રહ્યા તો પછી કયાં બુઝીશું. બધા ય દેહોમાં જીવવા કરતાં માનવજીવન ઉત્તમ છે પણ તે જાણીબૂજી છૂટી જવાય તો જ, બોધ વગરનું માનવ જીવન, કનિષ્ટમાં કનિષ્ટ–વધારેમાં વધારે અપરાધી !

માનવદેહમાં જીવી બુઝાવવા કોણ શ્રમ કરે? બધા ય તૈયાર વસ્તુના ગ્રાહક. એક આંધળો બીજા આંધળાને પૂછે છેઃ ‘ભાઇ! રત્નપુરનો માર્ગ કયો?’ બીજા આંધળાએ ઉત્તર આપ્યોઃ ‘જમણે હાથે ચાલ્યા જાઓ. પહેલાં વીરપુર આવશે અને પછી રત્નપુર આવશે.’ પેલો પૂછનાર ફરીથી પૂછે છે કેઃ ‘ તેં રત્નપુર જોયું છે કે? રત્નપુરનો માર્ગ જોયો છે ? ’ બીજો કહે છેઃ ‘ મેં ગામે નથી જોયું અને માર્ગ પણ નથી જોયો. હું તો સાંભળેલું કહું છું.’ ત્યારે પૂછનાર બોલ્યોઃ મને એક જણે ડાબે હાથે રત્નપુર બતાવ્યું, બીજાએ પાછળ બતાવ્યું, ત્રીજાએ સન્મુખ બતાવ્યું અને તું જમણે હાથે બતાવે છે.’

બધા ય આંધળા અને બધા ય અણજાણ. કોઇપણ અનુભવજન્ય સત્ય નથી બતાવતું. એક કહે છે આગમમાં આમ લખ્યું છે, બીજો કહે વેદમાં આમ છે, ત્રીજો ગીતાનું પ્રમાણ આપે છે, ચોથો કુરાન બતાવે છે, ત્યારે પાંચમો બાઈબલને આગળ મૂકે છે. આ પ્રમાણે અનુભવજ્ઞાનશુન્ય અત્યારની જનતામાં મતભેદ પડી ગયા છે. એક ત્યાગથી કાર્યસિદ્ધિ–મુક્તિ બતાવે છે ત્યારે બીજો ભોગથી બતાવે છે. અનુભવજ્ઞાન વગર આંધળાની જેમ ફાંફાં મારવાનાં. સૌ કોઇ લખેલું વાંચી જાણે પણ સમજે–સમજાવે કોણ ? ઉપશમભાવી આત્મા હોય તે તો લખેલા પ્રભુના સંકેતોને સાચી રીતે જાણી શકે, રહસ્ય સમજી શકે અને સમજાવી શકે. પણ આ તો બધા ઔદયિક ભાવવાળા રહ્યા એટલે જે વખતે જેવા ઉદયને આધીન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તરફ તાણી જાય અને ઉદયાધીન ટોળું તાણાતાણી કરી લડી મરે.

સાચો બોધ અને સાચી સમજણ આપ્યા વગર આત્માને આનંદ અને શાંતિ મળવા કઠણ છે. આનંદ આદિ સાચી વસ્તુઓ આત્માના ધર્મ છે અને તે મુક્ત થવાથી જ પ્રગટે છે, માટે મુક્તદશાનું સાચું જ્ઞાન શ્રી મહાવીરની સાચી જીવનચર્યાથી મળી શકે છે.

સંસારના સમગ્ર દુઃખોથી છૂટી જવાય તો જ મુક્તદશા મળે. મુક્તિ નામ જ છૂટી જવાનું છે. મનોવૃત્તિમાંથી જડધર્મની અભિલાષા નીકળી જાય તો મુક્તિ પાસે જ છે. ઔદયિક ભાવને લઇને જીવ જડનો સંગ કરી સુખ માને છે, પણ ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવે તો સુખને પોતાનામાં જ રહેલું જુએ છે. હવે કરવાનું તો એટલું જ છે કે ક્ષાયોપશમિક ભાવ જે સન્માર્ગ કહેવાય છે તેને છોડી ઔદયિક ભાવરૂપ ઉન્માર્ગમાં ન જવાય તો જ આપણે આપણું કાંઇક શ્રેય સાધી શકીશું. ક્ષાયોપશમિક ભાવ ધર્મ અને ઔદયિક ભાવ અધર્મ છે, માટે ધર્મસાધન કરવું.

# અંતરઝરણુ યાને તત્પરતા

( ગઝલ )

શાન્તિજિન ! શાન્તિનિકેતન, તમારો વાસ છે સાચે,
મુખે શાન્તિ નયન શાન્તિ, વસે જાણે જ આવાસે;
તમારી છાયમાં શાન્તિ, તમારા ધ્યાનમાં શાન્તિ,
સ્મરણુ તુજ નામમાં શાન્તિ, સ્મરણુ તુમ કામમાં શાન્તિ.

અખંડ શાન્તિ સરિત વહતી, તમારા દર્શ જંગલમાં,
અંતરપટ ઊઠતું ખીલી, ખીલ્યાં જાણે દલિક વનમાં !
તમારા ધ્યાન સહકારે, હૃદયરૂપ કોકિલા કૂજે,
થકી કૂજન ધ્વનિ આત્મા, સૂતેલો જાગતો સહેજે.

તમારા નેન સરવરમાં, ભર્યાં છે ભાવના પાણી,
કરૂં હું સ્નાન એમાં જો, મળે બુદ્ધિ મને શાણી;
અહિંસા સત્ય અસ્તેય, વગેરે પ્રશમ રસવાણી,
પ્રતિદિન પ્યાસ એની હો, મળે શાન્તિ ખરે ! જાણી.

તમારા ચરણુ પંકજમાં, સુગંધિ ને શિતલતા છે,
કરીશ સેવન પ્રતિદિન હું, શિતલ મુજ આત્મ કરવાને;
અનાદિનું કરમવન જે, શિતલ એ હિમથી બળશે,
જગત્ પ્રતિબિંબ અમલાત્મા, રૂપી આદર્શપર પડશે.

બાબુભાઈ મ. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

# નવતત્ત્વ પ્રકરણ

## પદ્યમય અનુવાદ સહિત.

અનુ. મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ

मूल—जीवाऽजीवा पुण्णं, पावाऽऽसव-संवरो य निज्जरणा।
बन्धो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्वा ॥ १ ॥
चउदस चउदस बाया,-लीसा बासी अ हुंति बायाला।
सत्तावन्नं बारस, चउ नव भेआ कमेणेसिं ॥ २ ॥

### પદ્યમય અનુવાદ.

[ મંગલાચરણ આદિ ]

વંદી યુગાદીશ શાંતિ નેમિ, પાર્શ્વ જિનવર વીરને,
પરમ ગુરુ ગુણવંત લબ્ધિ-વંત ગણધરને અને;
નવતત્ત્વખાણી જૈની વાણી, ને સ્મરી ગુરુરાજને,
કરું પદ્યથી ભાષારૂપે, નવતત્ત્વના અનુવાદને. ( ૧ )

[ નવતત્ત્વનાં નામ અને ક્રમથી તેના ભેદોની સંખ્યા ]

જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ, તેમ સંવર નિર્જરા,
બંધ ને વળી મોક્ષ એ, નવતત્ત્વને જાણો ખરા;
ચૌદ ચૌદ બેંતાલીસ ને, બ્યાશી જ બેંતાલીસ છે,
સત્તાવન્ન બાર જ ચાર ને નવ, ભેદ ક્રમથી તાસ છે. ( ૨ )

मूल—एगविह दुविह तिविहा, चउव्विहा पंचछव्विहा जीवा।
चेयण-तसइयरेहिं, वेय-गई-करण-काएहिं ॥ ३ ॥

### પ્રથમ જીવતત્ત્વ

[ સંસારી જીવોના જુદી જુદી અપેક્ષાએ એકથી છ પ્રકાર ]

ચેતના લક્ષણવડે જીવો જ, એક પ્રકારના,
ત્રસ અને સ્થાવરતણા બે, ભેદથી બે જાતના;
વેદના ત્રણ ભેદથી પણ, જાણવા ત્રણ જાતના,
ગતિતણા ચઉ ભેદથી છે, જીવ ચાર પ્રકારના. ( ૩ )
ઇંદ્રિયના પાંચે ય ભેદે, જીવ પાંચ પ્રકારના,
ષટ્કાયના ભેદે કરી પણ, જાણવા છ પ્રકારના;
એ રીતે ભેદો અપેક્ષા, ભેદથી સંસારીના,
ભાખ્યા હવે કહીશું જ ચૌદ, સ્થાનકો જીવોતણા. ( ૪ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂલ—एगिंदिय सुहुमियरा, सन्नियरपणिंदिया य सबितिचउ ।
अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥ ४ ॥

[ સંસારી જીવના ૧૪ ભેદ ]

સૂક્ષ્મ બાદર ભેદથી બે, જાતના એકેંદ્રિયો,
અસંજ્ઞી સંજ્ઞી ભેદથી બે, જાતના પંચેંદ્રિયો;
ત્રિવિધ વિકલેંદ્રિય યુત એ, સાત પણ બે જાતના,
અપર્યાપ્ત ને પર્યાપ્ત ભેદે, ચૌદ સ્થાનક જીવના. ( ૫ )

મૂલ—नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य, एअं जीवस्स लक्षणं ॥ ५ ॥
आहार-सरीरिंदिय,-पज्जत्ती आणपाण-भास-मणे ।
चउ पंच पंच छप्पि य, इग-विगला-ऽसन्निसन्नीणं ॥ ६ ॥

[ ૭ પ્રકારે જીવનું લક્ષણ ]

જ્ઞાનદર્શન ને વળી, ચારિત્ર તપને વીર્ય ને,
ઉપયોગ એ ષડ્વિધ લક્ષણ, જીવકેરું જાણને;

[ ૭ પર્યાપ્તિઓ ]

આહાર પર્યાપ્તિ શરીર ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ ને,
ભાષા અને મનની મળી, પર્યાપ્તિ પણ ષટ્ જાણને. ( ૬ )

[ કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય ? ]

પર્યાપ્તિ પહેલી ચાર એકેંદ્રિય જીવને હોય છે,
પર્યાપ્તિ પહેલી પાંચ વિકલેંદ્રિય જીવને હોય છે;
અસંજ્ઞી પંચેંદ્રિયને પણ, પ્હેલી પાંચ જ હોય છે,
પર્યાપ્તિ સઘળી સંજ્ઞી પંચેંદ્રિય જીવને હોય છે. ( ૭ )

મૂલ—पणिंदिय-त्तिबलूसा-साऊ दस-पाण, चउ छ सग अट्ठ ।
इग-दु-ति-चउरिंदीण, असन्नि-सन्नीण नव दस य ॥ ७ ॥

[ સંસારી જીવના ૧૦ દ્રવ્ય પ્રાણ તથા તેની એકેંદ્રિયાદિમાં સંભાવના ]

પાંચ ઈંદ્રિયને વળી ત્રણ, યોગ શ્વાસોચ્છ્વાસને,
આયુષ્ય એ દશ પ્રાણ પૈકી, ચાર એકેંદ્રિયને;
ષટ્ સાત આઠ ક્રમે કરીને, હોય છે વિકલેંદ્રિને,
અસંજ્ઞી પંચેંદ્રિયને નવ, પ્રાણ દશ છે સંજ્ઞીને. ( ૮ )

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાગ-દ્વેષનો તાત્ત્વિક વિચાર

સંપાદક : મુનિ પુણ્યવિજયજી ( સંવિગ્નપાક્ષિક )

જગતની કોઇ પણ વસ્તુને અપનાવવી અથવા પોતાના તરફ ખેંચવી તેને આવૃત્તિ કહે છે તથા કોઇ પણ વસ્તુને દૂર કરવી અથવા તેથી હઠાવવું તેને પરાવૃત્તિ કહે છે. પ્રથમના પ્રકારને રાગ કહે છે, અને બીજા પ્રકારને દ્વેષ કહે છે. આ બન્ને પ્રકારના રાગદ્વેષ સમ્યક્ પ્રકારે જ્યાં સુધી છૂટતા નથી, ત્યાં સુધી વસ્તુઓના ગ્રહણ કરવાથી તથા તેના ત્યાગ કરવાથી એમ બન્ને પ્રકારે કર્મોનો બંધ તથા તેનો યથાકાળે ઉદય થયા જ કરે છે. કારણ-અજ્ઞાન અને બુદ્ધિ-ના વિભ્રમ યોગે વસ્તુઓના ગ્રહણ અને ત્યાગ બન્નેમાં રાગ-દ્વેષ જાજ્વલ્યમાન બનેલો પ્રવર્તી રહ્યો છે.

વેષ્ટન એટલે બંધાવું, ઉદ્વેષ્ટન એટલે છૂટવું. એ બન્ને વાતો ત્યાં સુધી બની રહે છે કે જ્યાં સુધી ચિત્તમાં રાગદ્વેષ વા ઇષ્ટાનિષ્ટ ભાવનાપૂર્વક વસ્તુઓનો ગ્રહણ-ત્યાગ થયા કરે. અને એને જ જ્ઞાની પુરુષો સંસારપરિભ્રમણ કહે છે. પ્રત્યેક વસ્તુઓના છોડવા-ધરવાની ચિંતામાં નિમગ્ન રહેવું, મૂઢ બની કર્મબંધનથી જકડાવું, ઉદયકાળ પ્રાપ્ત થતાં અત્યંત મોહમુગ્ધ ઉન્મત્ત બની દુઃખી થવું અને ઇતસ્તતઃ ભવના પ્રકારે વહ્યા કરવું અર્થાત્ જન્મમરણાદિ ધારણ કર્યા કરવાં એનું જ નામ ભવપરિભ્રમણ છે.

જેમ દહીં મંથન કરવાની ગોળીમાં રહેલા વાંસની રસીના બન્ને છેડામાંથી એકને પોતા ભણી ખેંચે છે, ત્યારે બીજાને ઢીલો મૂકે છે. જ્યાં સુધી એ પ્રમાણે કરવામાં આવ્યા કરે ત્યાં સુધી ચક્કરે ચઢેલો વાંસ કદી પણ સ્થિરપણાને પામતો નથી. એને ખેંચવામાં તેમ ઢીલો કરવામાં બન્ને પ્રકારે બળ ખર્ચવું પડે છે છતાં વાંસ તો સ્થિર થતો જ નથી. તેમ અજ્ઞાન અને મૂઢતાપૂર્વક વસ્તુને ગ્રહણ કરવામાં તેમ તેનો ત્યાગ કરવામાં એમ બન્ને પ્રકારે આત્મવીર્ય ખર્ચવું પડે છે છતાં આત્મપરિણામ કદી સ્થિર કે શાંત થતો નથી. ખરી વાત તો એ છે કે જો તે વાંસને સ્થિર કરવો હોય તો તેને બાંધેલી બન્ને છેડાવાળી રસીને છોડી દૂર કરવામાં આવે, અને તો જ તે વાંસ સ્થિર થાય. તેમ જીવ જેટલી એ પરવસ્તુના ગ્રહણ ત્યાગની સાવધાનતા રાખે છે, તેટલી પોતે રસપૂર્વક ગ્રહણ કરી રાખેલા રાગદ્વેષમય વિકલ્પોના ત્યાગની સાવધાનતા રાખે તો સહેજે આત્મપરિણામ સ્થિર અને શાંત થાય.

રાગ દ્વેષની માત્રા આત્મામાં જ્યાં સુધી બની રહે છે, ત્યાં સુધી કર્મબંધન છૂટવાના અવસરે પણ રાગદ્વેષ વશીભૂત થઇ તે બંધાયા જ કરે છે; અર્થાત્ કર્મબંધન છૂટવા માત્રમાં વાસ્તવિક કલ્યાણ નથી, કારણ કે બંધનું મૂળ કારણ રાગદ્વેષ મોજુદ છે. એક બંધનની નિવૃત્તિ ટાણે બીજા ચિત્રવિચિત્ર બંધનો તુરત તેને જકડી લે છે. તેથી બંધનની ચિર શૃંખલા કદી તૂટતી જ નથી. એમ છૂટવું એ કર્મબંધથી વાસ્તવિક છૂટકારો નથી, કર્મબંધનથી વાસ્તવિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છૂટવું હોય તો ઇતસ્તતઃ આત્મપરિણામનું ભ્રમણ વા તેના કારણરૂપ રાગદ્વેષને સમ્યક્ પ્રકારે રોકવામાં આવે તો જ કર્મબંધન સર્વથા રોકાઇ જાય. અને તેનો સર્વથી પ્રબળ અને સમ્યક્ ઉપાય યથાર્થ જ્ઞાનપૂર્વક સમપરિણતિમાં સ્થિર થઇ નિઃસત્ત્વ કરવામાં આવે, એને જ સાચી નિર્જરા ભગવાને કહી છે. તે સિવાયની બંધસહભાવિની નિર્જરા તો જગત આખું કરી જ રહ્યું છે.

ગોળીનો વાંસ એક તરફથી છૂટે ત્યારે બીજી તરફથી બંધાય છે. તેનું છૂટવું તે પણ બંધાવા માટે જ વર્તે છે. પણ જો તે વાંસને રસીથી સર્વથા છોડવામાં આવે તો ફરી બંધાતો નથી. તેમ મોહાસક્ત જીવ એક તરફથી પ્રબળ યમનિયમાદિ આચરી છૂટવા માટે પ્રવૃત્તિ કરે છે ત્યારે વ્યક્ત કે અવ્યક્ત રાગદ્વેષાદિ પરિણામે કરી બીજી તરફથી બંધાતો જાય છે. બંધનની નિવૃત્તિના એક નિમિત્ત કારણરૂપ એવા યમ–નિયમાદિપૂર્વક પ્રવર્તનકાળે પણ રાગદ્વેષની માત્રા જીવને કયા પ્રકારે ઉન્માદે ચઢાવી રહી છે તેનું એને ભાન નથી. એ રાગદ્વેષ તજવાના બહાને જીવ કરે છે શું? એક ખૂણેથી નીકળી માત્ર બીજા ખૂણામાં ભરાય છે. બીજો પણ પહેલાના જેવો જ હોય છે. અનાદિકાળથી જીવ સમ્યક્ પ્રકારે નિરાવલંબ ઉદાસીન રહી શક્યો નથી કે ઉદાસીન રહેવા તથારૂપ પ્રકારે તેણે પ્રયત્ન કર્યો નથી, એવી સ્થિતિને પ્રાપ્ત થવા યોગ્ય સમ્યક્ સાધનો સેવ્યા નથી, લોકૈષણા, લોકહેરીને લોકસંજ્ઞામાં છુંદાઇ રહ્યો છે અને તેથી ઉદાસીનતાજન્ય સુખનો અનુભવ પણ તેને નથી. એ સુખનો અનુભવ કે વાસ્તવ્ય શ્રદ્ધા વિના તેનો તથારૂપપણે પ્રયત્ન પણ ક્યાંથી હોય? એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે મૂઢ અને અજ્ઞાની જીવનો ગ્રહણ અને ત્યાગ બન્ને બંધનરૂપપણે પ્રવર્તે છે; અર્થાત્ તેનો ત્યાગ એ પણ ગ્રહણને અર્થે છે, અને તેનું ગ્રહણ તે પણ પ્રત્યક્ષ ગ્રહણ જ છે. સારાંશ કર્મબંધનથી છૂટવાનો સર્વથી પ્રધાન અને વાસ્તવિક ઉપાય રાગદ્વેષની સમ્યક્ પ્રકારે નિવૃત્તિ કરવી એ છે; નહિ તો ગજસ્નાનવત્ જીવ નિરંતર દુઃખી અને કર્મપરતંત્ર બન્યો રહે છે.

મોહના ઉદયથી રાગદ્વેષરૂપ પરિણામ જીવને થયા કરે છે જેથી કોઇ વખત અશુભ કાર્યોની પ્રવૃત્તિ તથા શુભ કાર્યોની અપ્રવૃત્તિ ( નિવૃત્તિ ) આત્માને વર્તે છે, અને કદાચિત્ શુભ કાર્યોની પ્રવૃત્તિ તથા અશુભ કાર્યોની અપ્રવૃત્તિ ( નિવૃત્તિ ) જીવ કરે છે પણ એવી મોહગર્ભિત પ્રવૃત્તિ-નિવૃત્તિવડે શુભાશુભ બંધનની વૃદ્ધિ હાનિ જીવ અનંત કાળથી કરતો આવ્યો છે. મોહોદય ક્ષીણ થવાથી વા અત્યંત મંદ થવાથી તત્ત્વજ્ઞાન નિર્મળપણાને પામે છે તથા એ સમ્યક્ તત્ત્વ-જ્ઞાનના પ્રસાદથી આત્મ ઉપયોગ મોહોદય પ્રત્યે આળસે છે–નિરસપણાને ભજે છે; જેથી વિજ્ઞાનરૂપ શુદ્ધોપયોગની પ્રવૃત્તિ તથા શુભાશુભ ભાવોની અપ્રવૃત્તિ અર્થાત્ નિવૃત્તિ સહેજે થાય છે અને એવી પ્રવૃત્તિ–અપ્રવૃત્તિવડે સર્વ કર્મ સંસ્કારના આત્યંતિક ક્ષયરૂપ નિર્વાણ દશાને જીવ સંપ્રાપ્ત થાય છે.

પ્રથમ બંધ અને આત્મા ઉભયમાં અનાદિ કાળથી તેના સ્વરૂપની વાસ્તવિક પ્રતીતિપૂર્વક જીવને ભેદ જ પડ્યો નથી, છતાં માત્ર અનુ-પયોગ પરિણામે બંધ અને આત્મા જુદા છે, એમ કથન માત્ર જીવ ગાયા કરે છે અને એવી અજ્ઞાન મનોદશા સુકતપણે કરેલી પ્રવૃત્તિ–અપ્ર-વૃત્તિવડે બંધનની વાસ્તવિક નિવૃત્તિ ક્યાંથી હોય? બંધ, બંધહેતુ, બંધફળ અને બંધ-સ્વામી એના વાસ્તવિક સ્વરૂપને સમજ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનાગમ નિયમાવલી

લેખક: આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

૧ અનુત્તર વિમાનના પાંચ વિમાનો પૈકી પૂર્વાદિ ચારે દિશામાં રહેલા વિમાનના દેવો પોતાનું આયુષ્ય પૂર્ણ થયા બાદ અનન્તર ભવમાં ( તે પછીના તરતના ભવમાં )નિશ્ચયે કરીને ઉચ્ચકોટિનો મનુષ્ય જ થાય–અહીં આયુષ્યનો બંધ પડ્યો હોય. તો તે વૈમાનિક દેવ જ થાય તેઓ તિર્યંચ, નારકી, ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કદેવ ન જ થાય.

૨ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો નિશ્ચયે કરીને એકાવતારી જ હોય. તેમનું જઘન્યથી કે ઉત્કૃષ્ટથી આયુષ્ય તેત્રીસ સાગરોપમનું જ હોય. તેટલું આયુષ્ય પૂર્ણ થયા બાદ ઉત્તમ મનુષ્યપણું પામે. અહીં મોક્ષમાર્ગની નિર્મળ સાધના કરીને જરૂર સિદ્ધ થાય.

૩ તમામ ઇંદ્રો સમ્યગ્દૃષ્ટિ જ હોય. એટલે જેમ ઇંદ્ર સિવાયના દેવોમાં કેટલાએક દેવો સમ્યગ્દૃષ્ટિ હોય, ને કેટલાએક દેવો મિથ્યાદૃષ્ટિ પણ હોય. આમ બે વર્ગ હોય છે, તેમ ઇંદ્રોમાં બે વર્ગ હોય જ નહિ.

૪ અનુત્તર વિમાન દેવપણું સમ્યગ્દર્શનાદિ-ત્રણેની એકઠી નિર્મલ સાધના કરવાથી જ મળી શકે.

૫ જન્મની અપેક્ષાએ દેવીઓ ઉત્પત્તિ–ભુવનપતિ વ્યંતર જ્યોતિષી દેવલોકમાં તથા બાર દેવલોક પૈકી પહેલા બે દેવલોકમાં હોય–તેથી આગળના દેવલોકમાં ન હોય.

૬ દેવલોકમાં દેવોનું આયુષ્ય જઘન્ય પણ હોય, ને ઉત્કૃષ્ટ તથા મધ્યમ પણ હોય, પરંતુ ઇંદ્રોનું આયુષ્ય ઉત્કૃષ્ટ જ હોય.

૭ યુગલિયાજીવો મરણ પામીને તરતના ભવમાં દેવ જ થાય–બીજી ગતિમાં ન જાય.

૮ દેવો અને નારકી પછીના અનંતર ભવમાં અનુક્રમે દેવપણું નારકપણું પામી શકે જ નહિ.

૯ છ–પર્યાપ્તિઓમાં શરુઆતની ત્રણપર્યાપ્તિઓ પૂરી કર્યા વિના પરભવનું આયુષ્ય ન જ બંધાય-એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં કહ્યું છે.

---

વગર તથા બંધ અને બંધફળથી વિરક્ત ચિત્ત થઇ સ્વ સ્વરૂપને વિષે અપૂર્વ પ્રેમ ઉલ્લસ્યા વગર અનાદિ બંધનની આત્યંતિક નિવૃત્તિ હોય જ નહિ. તેથી જ કહેવામાં આવ્યું છે કે–અજ્ઞાન અને રાગદ્વેષયુક્ત પરિણામે કરેલી પ્રવૃત્તિ તો બંધનું કારણ થાય એ તો નિશ્ચિત છે, પણ તેવા પરિણામે કરેલી નિવૃત્તિ પણ બંધનું કારણ થાય છે, જ્યારે આત્મપરિણતિયુક્ત સમ્યગ્જ્ઞાન પરિણામે કરેલી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બન્ને મોક્ષનું કારણ થાય છે એ એક તત્ત્વજ્ઞાનપૂર્વક આત્મદશાનું અપૂર્વ માહાત્મ્ય છે.

( લેખક કથે છે કે હું આવી સ્થિતિને અનુભવતો નથી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ અભવ્ય જીવોને એક મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક નામનું પહેલું ગુણસ્થાનક જ હોય.

૧૧ મિશ્રદૃષ્ટિ જીવો (ત્રીજા મિશ્રગુણસ્થાને રહેલા જીવો) તે સ્થિતિમાં (મિશ્ર ગુણસ્થાનકે) મરણ પામે જ નહિ.

૧૨ બાદર અગ્નિકાય મનુષ્યલોકમાં જ હોય.

૧૩ કોઈપણ શત્રુ, દેવ અથવા વિદ્યાધર રાજા વગેરે સાત–જણાંનું સંહરણ કરી શકે જ નહિ. તે સાત જણાં આ પ્રમાણે જાણવા: ૧–સાધ્વી, ૨–વેદ મોહનીયના ક્ષય કરનાર મુનિરાજ, ૩–પરિહાર વિશુદ્ધિ ચારિત્રવંત મુનિરાજ, ૪–ચૌદપૂર્વના જ્ઞાની મુનિરાજ, ૫–સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે રહેલા મુનિરાજ, ૬–પુલાક લબ્ધિવંત મુનિરાજ, ૭–આહારક લબ્ધિવાળા મુનિરાજ.

૧૪ સંયમધારક ભવ્ય જીવોને જ મનઃપર્યવજ્ઞાન પ્રકટે.

૧૫ જેઓ સિદ્ધિપદને પામ્યા, તેઓ નિશ્ચયે કરીને ભવ્ય જ હતા, એમ સમજવું. (અધ્યાત્મસારમાં)

૧૬ હું ભવ્ય હોઇશ કે અભવ્ય ? આવો વિચાર જેને થાય, તે નિશ્ચયે કરી ભવ્ય જીવ જ હોય; કારણ કે અભવ્ય જીવને તેવો વિચાર આવે જ નહિ. એમ શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં કહ્યું છે.

૧૭ જેઓ પરમાવધિજ્ઞાનને પામ્યા, તેઓ અન્તમુહૂર્ત્તમાં જરૂર કેવલજ્ઞાન પામે જ, એમ શ્રી ભગવતી સૂત્રના અઢારમા શતકના આઠમા ઉદ્દેશાની ટીકામાં શ્રી અભયસૂરિ મહારાજે જણાવ્યું છે.

૧૮ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ જીવો લબ્ધિ અપર્યાપ્તપણે ઉપજે જ નહિ; કારણ કે લબ્ધિ અપર્યાપ્તા જીવો બહુ સંક્લિષ્ટ (પડતા) પરિણામવાળા હોય છે.

૧૯ ક્ષપકશ્રેણિ કરવાનો પ્રસંગ ભવ્યજીવને જિંદગીમાં એકજવાર પ્રાપ્ત થાય.

૨૦ જિંદગીમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ તથા ઔપશમિક સમ્યક્ત્વ અનેકવાર પામી શકાય, પણ ક્ષાયિક સમ્યક્ત્વ એકજવાર સંપૂર્ણ ભવચક્રમાં પામી શકાય.

૨૧ અગીઆરમું ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક છે. અહીં આવેલા ભવ્ય જીવો આયુઃક્ષયે કે ગુણસ્થાનકનો કાળ પૂરો થવાથી જરૂર નીચેના ગુણસ્થાનકોમાં આવે છે; એટલે કષાયોદયાદિ કારણે જરૂર નીચેના ગુણસ્થાનકોમાં આવે છે.

૨૨ બીજા સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે રહેલા જીવો મિથ્યાત્વ મોહનીયનો ઉદય થતાં જરૂર પહેલાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે આવે છે.

૨૩ મિશ્ર તથા દેશવિરતિ વગેરે ૧૧ ગુણસ્થાનકોનો ત્યાગ કરીને જ જીવો પરભવમાં જાય છે. એમ શ્રી લોકપ્રકાશ, સર્ગ ત્રીજો, શ્લોક ૭૮ મામાં કહ્યું છે.

૨૪ વિગ્રહગતિમાં, કેવલીસમુદ્ઘાતમાં, ત્રીજા, ચોથા, પાંચમા સમયે અને અયોગી અવસ્થામાં (ચૌદમા અયોગી કેવલીગુણસ્થાનકે) સિદ્ધપણામાં અનાહારકપણું જ હોય.

૨૫ ત્રીજા–બારમા–તેરમા ગુણસ્થાનકે કોઇ જીવ મરણ પામે જ નહિ.

૨૬ દશપૂર્વી તથા તેથી અધિક પૂર્વોના જ્ઞાનવાળા મહાપુરુષો નિશ્ચયે સમ્યગ્દૃષ્ટિજ હોય.

૨૭ પ્રમાદ રહિત–વિવિધ પ્રકારની આત્મિક ઋદ્ધિવાળા સંયમધારી ભવ્ય જીવોને જ ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રકટ થાય એમ વિશેષાવશ્યકમાં કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૮ ૧ દેવોના સ્વામી તમામ ઇંદ્ર મહારાજાઓ, ૨ પાંચે અનુત્તર વિમાનમાં (વિજય–વૈજયંત–જયંત અપરાજિત–સર્વાર્થસિદ્ધ વિમાનમાં) રહેનારા દેવો, ૩ તેસઠ શલાકા પુરુષો (૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્ત્તીઓ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બલદેવ). ૪ નવ નારદનાજીવો, ૫ શ્રી કેવલીભગવંતે તથા ગણધરભગવંતે જેમને દીક્ષા આપી છે તે પુણ્યશાળી જીવો, ૬ શ્રી તીર્થંકર દેવના હાથે અપાતા વાર્ષિક દાનના પદાર્થને મેળવનારા જીવો, ૭ પ્રવચનના અધિષ્ઠાયક દેવો તથા દેવીઓ, ૮ લોકાંતિક દેવો, ૯ ત્રાયસ્ત્રિંશક દેવો, ૧૦ અસુરકુમાર નિકાયના પરમાધામી દેવો (પરમાધાર્મિક દેવો), ૧૧ તમામ યુગલિયા મનુષ્યો, ૧૨ સંભિન્નશ્રોતોલબ્ધિના ધારક જીવો, ૧૩ પૂર્વધરલબ્ધિવંત જીવો, ૧૪ આહારકલબ્ધિવંત જીવો, ૧૫ પુલાકલબ્ધિવંત જીવો, ૧૬ મતિજ્ઞાનાદિલબ્ધિવાળા જીવો. ૧૭ સુપાત્રદાનનો લ્હાવો લેનારા જીવો, ૧૮ સમાધિમરણને પામનારા જીવો, ૧૯ જંઘાચારણ મુનિવરો, ૨૦ વિદ્યાચારણ મુનિવરો, ૨૧ મધ્યાશ્રવલબ્ધિવાળા જીવો, ૨૨ સર્પિરાશ્રવ લબ્ધિના ધારક જીવો, ૨૩ ક્ષીરાશ્રવલબ્ધિવાળા જીવો, ૨૪ બારમા ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થગુણસ્થાનકે રહેલા જીવો, ૨૫ જે પાષાણ (આરસના પત્થર વગેરે) વગેરેથી શ્રી તીર્થંકરાદિની પ્રતિમા બનાવી શકાય, તેવા પૃથ્વીકાયાદિના જીવો, ૨૬ ચક્રવર્ત્તીના ચૌદ રત્નના જીવો, ૨૭ વિમાનના અધિપતિ દેવો, ૨૮ ઔપશમિક–ક્ષાયોપશમિક–ક્ષાયિક ભાવના સમ્યક્ત્વાદિના ધારક જીવો, ૨૯ શ્રી પ્રભુદેવની અનુભવગર્ભિત ભક્તિના કરનારા પુણ્યશાળી જીવો, ૩૦ સાધર્મિક વાત્સલ્યના કરનારા જીવો, ૩૧ સંવિજ્ઞપણાને પામેલા જીવો, ૩૨ શુક્લપાક્ષિક જીવો, ૩૩ દ્રવ્ય તીર્થંકરના માતાપિતાઓ, ૩૪ યુગપ્રધાન મહાપુરુષો, ૩૫ શ્રી આચાર્યપદ વગેરે દશ પદને ધારણ કરનારા જીવો, ૩૬ પારમાર્થિક સદ્દગુણોને ધારણ કરનારા જીવો, ૩૭ અનુબંધદયા–હેતુદયા–સ્વરૂપદયાના પાલન કરનારા જીવો. આ તમામ જીવો ભવ્ય હોય એમ શ્રી અભવ્યકુલકાદિમાં કહ્યું છે.

(ચાલુ)

## સામાન્ય જિન સ્તવન.

(રાગ–ગુજર ગયા વહ જમાના કૈસા) (ફિલ્મ–ડૉક્ટર)

ચમક રહા તન પ્રભુકા કૈસા...!
આનંદકેરી બહાર હી જીસમેં, ચમક રહા તન પ્રભુ કા કૈસા...!
નયન કેરે તારે જીસમેં, પરમ પ્રશમ રસ ઝીલતે હૈ;
મુખ શશી દીપે ઉમદા દિલાવર, જિસસે સુખ સુધા પાના—ચમક...૧
જિનકા નહિં મુકાબલા જગમેં, ઇંદ્રોસે ભી પૂજિત હૈ;
ઐસા જિણંદા અનોખા, જિસસે ભવદુઃખ સભી હટાના—ચમક...૨
યહી સુકાની નાવ તુમ્હારા, તારનેવાલે તારેંગે;
નેમિ–લાવણ્ય–દક્ષ કે સાંઇ, જિનજી જો દિલ લાયેંગે—ચમક...૩

—મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જીવન-સાફલ્ય"

લેખક: **મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.**

**વિશ્વની** આ રંગભૂમિ ઉપર અનેક પ્રકારના મનુષ્યો અગમ્યની કોઇ પણ દિશાઓથી આવી અગમ્યને રસ્તે પોતાનો ક્રમ પૂરો કરી ચાલ્યા જાય છે. વિવિધ પ્રકારના આ મનુષ્યો વિધવિધ રંગે રંગાઇ, એ રંગમાં મસ્ત બની, જિંદગીનું ખરું ધ્યેય-ખરું કર્ત્તવ્ય ભૂલી જઇ જિંદગીના નશ્વર સુખને શાશ્વતું સુખ માની તેમાં ગાંડાઘેલા બને છે. તે પ્રાપ્ત કરતાં પોતાની આખી જિંદગી વેડફી દે છે. પોતાનું લક્ષબિન્દુ ભૂલી જઇ અવળે પંથે વળે છે. માત્ર કોઇ વિરલ જ જિંદગીનું રહસ્ય સમજી પોતાના આત્માને પરમાત્મસ્વરૂપમાં આણે છે.

આવા બે પ્રકારના મનુષ્યો બે પ્રકારની જિંદગી વ્યતીત કરતાં આપણે જોઇએ છીએ. એક શ્રેયસ્‌નો માર્ગ ગ્રહણ કરે છે તો બીજો પ્રેયસ્‌નો માર્ગ લે છે. શ્રેયસ્‌નો માર્ગ એ ધર્મમાર્ગ છે. આ ધર્મમાર્ગે જનારા શાશ્વતા સુખ પ્રાપ્ત કરી શકે છે. જેમ ગુલાબના પુષ્પને મેળવતાં પહેલાં કંટકથી વિંધાવું પડે છે તેમ આ અખંડ સુખની પ્રાપ્તિ પણ શિરને સાટે જ થાય છે. જગતમાં સાચી શાન્તિના સ્થાપકો શ્રી મહાવીર પરમાત્માના દર્શાવેલા માર્ગે અનુસરનાર જ પોતાનો આત્મા ઉચ્ચ બનાવી શકે છે; નહિ કે તેમના સિદ્ધાન્તોનું અંધ અનુકરણ કરવાથી યા તો યંત્રવત્ પાલન કરવાથી. આવા મહાત્માઓએ આપણા જડ-અજ્ઞાન હૃદય પર જ્ઞાનરૂપી પ્રકાશ ફેંકી આપણામાં ચેતન રેડ્યું. તેઓએ પોતાની ફરજ અદા કરી.

પછી કયો માર્ગ ગ્રહણ કરવો એ તો આપણા જ મનની વાત રહી. સૂર્ય પ્રકાશે છે તેથી માણસોએ વિચારવાનું કે આપણે હવે કયે રસ્તે જવું? ધર્મ એ સત્ય છે. સત્ય હમેશાં અમર છે, પછી ભલે આપણાં આ ચર્મચક્ષુઓથી અધર્મ-ધર્મ દેખાતો હોય. પરંતુ ક્યાં આપણને ધર્મને માર્ગે જવાની ત્વરા છે? "**गतानुगतिको लोकः**"—એ જ અત્યારે આપણો ધર્મ થઇ પડ્યો છે. આપણે મૂળને છોડી ડાળાને વળગી રહ્યા છીએ. કુસકામાંથી ઓદન શોધવા પ્રયત્નો આદરી રહ્યા છીએ. ખરો ધર્મ તો નીતિમય પ્રમાણિકપણે જીવન વ્યતીત કરવામાં છે, ભ્રાતૃભાવ અને દયાભાવ રાખવામાં છે, સંયમ અને ચારિત્ર્યનું પાલન કરવામાં છે. ધર્મનું મૂળરૂપ તે આ જ. આ ગુણો સિવાય બીજી બધી ક્રિયાઓ અને સાધનાઓ નકામી છે. આજ ધર્મ "**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्**" એ સૂત્રને સિદ્ધ કરી શકે છે. બીજા પ્રેયસ્‌ને માર્ગે જનાર આ સ્થૂલ શરીરના પૂજારી હોય છે. તેઓ તેને કેમ સુંદર બનાવવું? અને દુનિયાના જુદા જુદા પ્રકારના ભોગવિલાસો કેમ સારી રીતે ભોગવાય તેના જ વિચારમાં ને વિચારમાં જ આખી જિંદગી વ્યતીત કરે છે. પોતાના જીવતરને ધૂળમાં રોળી નાખે છે. તેઓ ખાવાંને માટે જીવે છે. જીવવાને માટે ખાતા નથી. "**यावज्जीवं सुखं वसेत्**" એ જ તેમનો જીવનમંત્ર હોય છે. એને જ તેઓ "**જીવનનું સાફલ્ય**"

For Private And Personal Use Only

# આ·ચા·ર્ય ·· અ·મ·ર·કી·ર્તિ

[ ૩ ]

લેખક: **મોહનલાલ દીપચંદ ચોકસી.**

દેવીભક્ત માણિકદેવે રાજવી પદ્મનાભને સર્વ અનર્થનું મૂળ દિગંબર સાધુ જ છે એમ ઠસાવ્યું હતું, તે સાધુ અન્ય કોઇ નહીં પણ આચાર્ય અમરકીર્તિ પોતે જ હતા.

જ્યારથી તેઓશ્રીએ વૃદ્ધ સાધુના મુખથી મલ્લિપુરનો વૃતાન્ત સાંભળ્યો ત્યારથી જ તેમણે એ સ્થળમાં જઈ પુનઃ એકવાર અહિંસાનો વિજયધ્વજ ફરકાવવાનો નિશ્ચય કરી લીધો હતો.

વિહારની દિશાનો માર્ગ મલ્લિપુર નિયત થયાનુ શ્રવણ કરતાં જ ઉપાસકવર્ગમાં આકાશમાંથી એકાએક વિજળી પડતાં જે જાતનો ક્ષોભ પ્રગટે એવો ગભરાટ ઉદ્દભવ્યો હતો. મલ્લિપુરનો સ્વામી કાળીભક્ત બની ગયો છે અને વાર-કવારે માતાના સ્થાનકમાં જીવતાં પશુઓનાં બલિ ચઢે છે એ વાત આસપાસના પ્રદેશમાં તો જાણીતી હતી, પણ દિવસોના વહેવા સાથે અતિ દૂર સુધી પથરાતી હતી. એ નગરમાં વસનાર અહિસા ધર્મીઓની દશા પાંજરે પડેલા પોપટ જેવી જ લેખાતી. દયાના ઉમદા ગુણ સંબંધી બ્યાન કરનાર કોઇ સંત કે વિદ્વાન ભાગ્યે જ એ ભૂમિ પર ટકી શકતો. પુરોહિત માણિક્યદેવની નજર ન પડી હોય ત્યાં સુધી જ એ સુરક્ષિત ગણાતો. એકવાર ઉખેડી નાંખવાનો એ મનમાં નિશ્ચય કરતો એટલે ખેલ ખલાસ. હરકોઇ રીતે ન્યાય-અન્યાય જોયા સિવાય રાજા પદ્મનાભને વાત એવી રીતે ઠસાવતો કે પેલી વ્યક્તિની સાચી હકીકત પણ રાજાને સાંભળવી ગમતી નહીં. પૂજારીએ જે ભરમાવ્યું હોય એ સાચું માની તે પગલા ભરતો. આંધળી ભક્તિ ખરા-ખોટાનો વિવેક સમજવા દેતી નહીં! 'ટકે શેર ખાજા ને ટકે શેર ભાજી' જેવો ઘાટ થઈ પડતો. જે સ્થાનનું વાતાવરણ આ પ્રકારનું હતું અને જ્યાં માણિક્યદેવના પાસા પોબાર પડતાં ત્યાં પગલા માંડવાની હામ કોની ચાલે? બળતી આગમાં કૂદી પડવા જેવું વિકટ કાર્ય હતું. પણ

---

માને છે. આ બિચારા પામર માનવો સંસારના અગણિત રસ લૂંટવામાં એટલા તો મગ્ન બની ગયા હોય છે કે તેઓને એટલું પણ ભાન નથી હોતું કે *All that glitters is not gold* ( પીળું એટલું સોનું નહિ ).

જેને આપણે મજા માનીને વળગી રહ્યા છીએ તે જ વસ્તુઓ દુઃખથી ભરપૂર છે-તે જ દુઃખ છે. આપણે માર્ગ ભૂલ્યા છીએ. આપણને ત્યારે જ આનંદ પડે કે જ્યારે આપણો રાગ, દ્વેષ, મોહ, શોક વિગેરે દ્વંદ્વોથી દગ્ધ થયેલો આત્મા શાન્તિ પામે ત્યારે જ તે પરમાત્મ-સ્વરૂપમાં આવશે. આર્યધર્મના સિદ્ધાંતો જીવનસાફલ્ય ઉપર રચાયેલા છે. મૈત્રી, કરુણા, પ્રમોદ, અને માધ્યસ્થ ભાવના પરમાત્મસ્વરૂપ બનાવવાનાં પરમ ઉપાયભૂત છે. જેટલા અંશે ભાવના ઓછી તેટલા અંશે જીવનસાફલ્યમાં મંદતા સમજવી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તારે કી જ્યોત મેં ચંદ છૂપે નહીં,
સૂર છૂપે નહીં બાદલ છાયો;"

એ કવિત અનુસાર આચાર્ય અમરકીર્તિથી આ કેમ સહ્યું જાય ? હિંસા ડાકિની સ્વછંદતાથી મલ્લિપ્રભુના દેવાલય સામે જ અહર્નિશ નાચ કરતી હોય અને અહિંસા જેવા અનુપમ ધર્મને વરેલો પોતાના સરખો સાધુ મોજૂદ હોય છતાં એ સામે આંખ સરખી ન માંડે એ સંભવે જ શી રીતે ? પોતાની સકળ શક્તિ ખરચીને પણ એ ભયાનક અત્યાચાર નિવારવો એ જ પ્રથમ ધર્મ. કદાચ એ અર્થે દેહના બલિદાન દેવા પડે તો તે પણ સહી આવા અડગ નિશ્ચયને વરેલા આચાર્ય ભક્તોના કલરવને નમતું કયાંથી આપે ? વિહારની દિશા જરા પણ ફેરવી નહીં. માર્ગમાં આવતાં સ્થળોની ઉપેક્ષા કરી, અને મલ્લિપુરવાસી જનોની વિનંતી ન હોવા છતાં ચોમાસું ત્યાં વ્યતીત કરવાનો નિરધાર કર્યો. આ વાત થોડા સમયમાં ચોતરફ પ્રસરી ગઇ. મલ્લિપુરની નજીકમાં આવેલ ચંપાનગરનો રાજા કર્ણદેવ કે જે જૈનધર્મનો ચુસ્ત ઉપાસક હતો અને દયા–ધર્મ પ્રતિ બહુમાન ધરાવતો હતો એણે પોતાના પાટવીકુંવર મહેંદ્રને પોતાને આંગણે પધારવા અને ચોમાસું કરવાના વિનંતીપત્ર સહિત આચાર્ય પાસે મોકલ્યો. વિશેષમાં કહેવડાવ્યું કે–"કાળી માતાનું મંદિર ચાતુર્માસ માટે નિયત કરેલ સ્થળથી બહુ દૂર નથી. ઉક્ત મંદિરમાં પ્રતિદિન ચઢતાં ભોગથી આપને ધર્મકાર્યમાં અંતરાય પડશે. વળી આશ્વિન માસમાં તો એ સ્થળે હજારો બકરાનો બલિ ચઢશે, જે આપ સરખા કૃપાળુ સંતથી જોયો પણ નહીં જાય. મારી નગરીમાં સુખેસમાધે ચોમાસું વ્યતીત થશે અને આપ સરખાના પગલા અમારે આંગણે થવાથી હું તેમજ મારી પ્રજા પણ હર્ષિત થઇ અમારા જીવનને ધન્ય માનીશું.' '**कार्यं साधयामि वा देहं पातयामि.**' એ એક જ ઉત્તર મુનિશ્રી તરફથી મળ્યો અને વધારામાં તેમણે કહ્યું કે–'કુમાર મહેન્દ્ર, ચંપાનગરીમાં આવવા માટે અન્ય કંઇ વાંધો છે જ નહીં, પણ એ તો ભાવિના હાથની વાત કહેવાય. અત્યારે તો એક જ નિરધાર કરી મેં વિહારરૂપી ઊંટડો મલ્લિપુરની દિશામાં ફેરવ્યો છે. પવિત્ર એવા શ્રી મલ્લિનાથ પ્રભુના પ્રાસાદ સમિપ, કાળીમાતાના મંદિરમાં જે હિંસાની હુતાશની પ્રજ્વલિત થઇ ચૂકી છે તેને કયાં તો અહિંસારૂપી અમીવર્ષણથી ઠારી દેવી અને પુન: કરુણા સરિતાને એ સ્થાનમાં વહેવડાવવી અથવા તો આ દેહ સુદ્ધાં એમાં ધરી દઇ જીવનને ધન્ય લેખવું. 'સાચને આંચ' આવતી નથી એ સૂત્રનો સધિયારો લઇ, યાહોમ કરી મેં ઝુકાવ્યું છે એમાં મીન-મેખ થનાર નથી જ. આચાર્યશ્રીના આ નિશ્ચયની જાણ થતાં જ મહેન્દ્ર પાછો ફર્યો અને એ સારોયે વ્યતિકર રાજવી કર્ણદેવને કહી સંભળાવ્યો ત્યારે એને પણ અતિશય દુ:ખ થયું.

મલ્લિપુરના રાજ્યનો પોતે પડોશી હોવાથી, રાજા પદ્મનાભના સ્વભાવ તેમજ વર્તાવથી તે માહિતગાર હતો. અપુત્રીયા નૃપને કુંવરીના જન્મ પછી કાળીદેવી ઉપર કેવી સજ્જડ શ્રદ્ધા બેઠી છે એ વાત એની ધ્યાન બહાર નહોતી. પુરોહિત માણિકયદેવ કેવું પ્રપંચી પૂતળું છે અને વખત આવ્યે કયું કુકર્મ તે નહીં આદરે એ કળવું મુશ્કેલ હતું. પ્રથમ તકે એને સ્પષ્ટ ભાસ્યું કે એ પિશાચ જરૂર સૂરીજીને મહાન સંકટમાં ઉતારવાનો. આચાર્યશ્રીની અહિંસા કારગત થાય તે પૂર્વે કંઇ કંઇ જાળો એ પાથરવાનો. પણ જ્યાં સંતનો નિરધાર અફર ત્યાં શું થાય ? પડોશીના રાજ્ય સાથે વૈર-વિરોધ કરવો એને પાલવે તેવો હતો જ નહીં. વળી જયારથી પદ્મનાભે કાળીમાતાની સ્થાપના કરી, મંદારગિરિની પવિત્રતામાં મશીનો ડાઘ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગાવ્યો ત્યારથી કર્ણદેવે આ સ્થાનને પોતાની સ્મૃતિમાંથી દેશવટો દઈ દીધો હતો. દેવના દર્શન અર્થે પણ તે કોઇવાર આવ્યો નહોતો. પણ જ્યારે ગુરુદેવે નિશ્ચય કરી ત્યાં પગ મૂકયો અને જીવના જોખમે પણ એકવાર અહિંસા દેવીની પ્રાણપ્રતિષ્ઠા કરવાની પોતાની મનીષા પ્રગટ કરી ત્યારે જિનદેવના ઉપાસક તરીકે, ગુરુજીના ભકત તરીકે, એની પણ કંઈ ફરજ હોવી તો જોઈએ એ પ્રશ્ન ઉદ્દભવ્યો. તરત જ નિશ્ચય કર્યો કે ખાનગી રીતે કુમાર મહેન્દ્રને આચાર્ય પાસે અવારનવાર બીજે ત્રીજે દિને મોકલવો અને ત્યાં પ્રવર્તી રહેલી સ્થિતિથી સદા માહિતગાર રહેવું. વળી ગુરુજી ભલે પર્યુષણ પર્વ ત્યાં કરે પણ પછીથી તેમને આ તરફ નિકળી આવવાની વિનંતી આગ્રહપૂર્વક કરવી. આશ્વિન માસની નવરાત્રીમાં તો એ ઘૃણાપૂર્ણ સ્થાનકનો અવશ્ય ત્યાગ કરાવવો.

આ તરફ વિદ્વાન સાધુ અમરકીર્તિના પુનિત પગલાંથી મંદાર ટેકરી પુન: એકવાર ગર્જી ઊઠી. મલ્લિપુરમાં જૈન ધર્મના જે ઉપાસકો હતા એમનામાં સૂરિજીની સચોટ અને સરળ વાણીથી અનેરો ઉત્સાહ જન્મ્યો. અહિંસાના અણમૂલા ગુણ માટે-એના પ્રચાર અર્થે-એનું રહસ્ય યથાર્થ સમજાય તે સારુ કાર્યવાહી હાથ ધરવા અંગે અવનવો જોમ પ્રગટ્યો. વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો અને દેશના ને જાહેર સમારંભનું રૂપ અપાયું. ધીમે ધીમે શ્રોતાઓની સંખ્યા વધતી જ ચાલી. એમાં અંતરાળે આવતાં રાજકુમારના ચાર અશ્વો જોડેલા રથે અજાયબી ફેલાવી. પર્યુષણ યાને દશ લક્ષણ પર્વના આગમન શરુ નહોતાં થયાં તે પૂર્વે તો મલ્લિ-પુરની જનતામાં કોઇ નવીન ચેતના પ્રકટી ઊઠી. કાળીદેવીના ભોગમાં કુદરતી રીતે જ ઓટ આવ્યો. આ જમાવટ રાજાના કાને પહોંચી નહોતી, પણ માણિકદેવથી અજાણી નહોતી રહી. એને આ સાધુ ભયંકર ભાસ્યો. તેથી જ એ દેવીના સંદેશ સારુ પદ્મનાભને તેડી લાવ્યો. એ પાછળ આ સાધુને અહીંથી કોઈ પણ યત્ને ઉખાડવાની અને પોતે જમાવેલ સ્થાનને નિર્ભય કરવાની એની તમન્ના હતી.

'માણસ ધારે કંઇ અને કુદરત કરે કંઇ બીજું'' એ કયાં દુનિયાદારોથી અજાણ્યું છે! અયોધ્યાની પ્રજાએ સૂતી વેળાએ બીજે દિને શ્રી રામનો રાજ્યાભિષેક થવાનો છે એવું સાંભળ્યું હતું, પણ જ્યારે પ્રભાતે આંખ ઉઘાડી ત્યારે રાજ્યગાદીને સ્થાને વનવાસ નિહાળ્યો. વિધિના રાહ ન્યારા હોય છે! મલ્લિપુરમાં કંઇ જુદું જ બન્યું. તે હવે પછી.

(ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાતુર્માસિક કર્ત્તવ્ય

લેખક: **મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ.**

આજે ચોમાસી ચૌદશ છે. ઘણા મહાનુભાવો વ્રત, નિયમ, ઉપવાસ, પૌષધાદિ કરી આત્મકલ્યાણનાં સાધનો પ્રાપ્ત કરી આત્મવિકાસના માર્ગે આગળ વધે છે. ચાતુર્માસમાં ખેડૂતો પણ ખેતી કરી, બીજ વાવી તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે, તેમ દરેક મુમુક્ષુની ફરજ છે કે ચાતુર્માસમાં ફૂરસદ મેળવી, પ્રમાદ દૂર કરી ધર્મબીજનું રોપણ કરે. દરેક મહાનુભાવોએ એટલું યાદ રાખવું જરૂરી છે કે 'જેવું વાવે તેવું લણે.' આપણે ધર્મસંસ્કાર, ધર્મશિક્ષણનાં જેવાં સાધનો વાપરશું તેવો આત્મિક લાભ થવાનો છે. એટલા જ માટે શાસ્ત્રકાર મહારાજ ચાતુર્માસિક કર્ત્તવ્યમાં નીચેનાં કાર્યો અવશ્ય કરવાનું સૂચવે છે.

**" सामायिकाऽवश्यकपौषधानि,**
**देवार्चनस्नात्रविलेपनानि ।**
**ब्रह्मक्रियादानतपोमुखानि,**
**भव्याश्चतुर्मासिकमण्डनानि ॥**

આ શ્લોકનું વિવેચન કરતાં પહેલાં ગૃહસ્થોએ ચાતુર્માસમાં શું છોડવું જોઇએ તે જોઈ લઇએ.

ચાતુર્માસમાં વરસાદને અંગે જીવોત્પત્તિ, ઘાસ વગેરે ઘણાં થાય છે; માટે પ્રવાસ બંધ કરવો ઉચિત છે. ગાડાં, બળદ, ઘોડાગાડીઓ તથા અન્ય વાહનોદ્વારા જેમ બને તેમ પ્રવાસ અલ્પ; અથવા ન થાય તેમ કરવું.

ભાજીપાલો, તથા અન્ય વનસ્પતિ-લીલાં શાક વગેરેનો ત્યાગ કરવો. યદ્યપિ ભાજી તો ફાગણ ચોમાસા પછી બંધ થાય જ છે; પરન્તુ અષાડ ચોમાસાથી તો સર્વથા તેનો ત્યાગ કરવો જોઇએ. આ ઋતુમાં તાજાં શાક વાપરવાથી પિત્ત, રોગાદિ વધે છે એટલે એ દૃષ્ટિએ પણ તેનો ત્યાગ કરવો હિતાવહ છે. આ સિવાય કંદોઈના ઘરની મીઠાઈ, બાવીશ અભક્ષ્ય, રાત્રિભોજનનો ત્યાગ, અનાજનો ઘી, ગોળ વગેરે વ્યાપાર, વગેરેનો પણ જરૂર ત્યાગ કરવો જોઇએ. તથા

**अज्ञातकं फलमशोधितपत्रशाकं,**
**पूगीफलानि सकलानि च हट्टचूर्णं ।**
**मालिन्यसर्पिरपरीक्षकमानुषाणा,**
**मेते भवन्ति नितरां किल मांसदोषाः ॥**

**ભાવાર્થ:**—અજાણ્યાં ફળ, શુદ્ધ નહિં કરેલું શાક, પાંદડાં-ભાજી, પાન, સોપારી વગેરે, ગાંધીની દુકાનનાં ચૂર્ણ વગેરે, મેલું, ગંદુ ઘી તથા અજાણ્યા માણસે લાવેલ વસ્તુઓ વગેરે ખાવાથી માંસભક્ષણ સમાન દોષ લાગે છે.

ચાતુર્માસમાં જૈનશાસ્ત્રકારોએ જેમ ઉપર્યુક્ત કાર્યો કરવાની મનાઇ ફરમાવી છે તેમ અજૈન શાસ્ત્રકારોએ પણ પોતાના ભક્તોને નીચેનાં કાર્યો કરવાની મનાઇ કરી છે. જુઓ—

**कथं स्वपिति देवेशः पद्मोद्भवमहार्णवे**
**सुप्ते च कानि वर्ज्यानि वर्जितेषु च किं फलं ॥१॥**
**नायं स्वपिति देवेशो न देवः प्रतिबुध्यते ।**
**उपचारो हरेरेव क्रियते जलदागमे ॥२॥**
**योगस्थे च हृषीकेशे यद्वर्ज्यं तन्निशामय ।**
**प्रवासं नैव कुर्वीत मृत्तिकां नैव खानयेत् ॥३॥**
**वृन्ताकान् राजमाषांश्च वल्लकुलत्थांश्च तूमरी ।**
**कालिंगानि च यद्वस्तु मूलकम् तंदुलीयकम्॥४॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**एकान्नेन महीपाल चतुर्मास्यां निषेवते ।**
**चतुर्भुजो नरो भूत्वा प्रयाति परमां गतिम् ॥५॥**
**नक्तं न भोजयेद्यस्तु चतुर्मास्यां विशेषतः ।**
**सर्वकमानवाप्नोति इह लोके परत्र च ॥६॥**
**यस्तु सुप्ते हृषीकेशे मद्यमांसानि वर्जयेत् ।**
**मासे मासेऽश्वमेधेन स यजेच्च शतं समाः ॥७॥**

**ભાવાર્થ:**—એક ભક્ત રાજન્ પ્રશ્ન પૂછે છે કે-હે બ્રહ્માજી ! ચોમાસામાં વિષ્ણુભગવાન સમુદ્રમાં જઇને શા માટે સૂવે છે ? અને તે સમયે કયા કયા કાર્યોનો ત્યાગ કરવો જોઇએ ? તેમજ તે સમયે કરેલાં કાર્યો શું ફળ આપે ?

બ્રહ્માજી ઉત્તર આપે છે—

વિષ્ણુભગવાન સૂતા નથી તેમ જાગતા પણ નથી, પણ વર્ષાઋતુમાં તેવો ઉપચાર કરેલો છે. તેઓ હૃષીકેશ ધ્યાનસ્થ હોય ત્યારે નીચે પ્રમાણે કાર્યોનો ત્યાગ કરવો જોઇએ, તે સાંભળ.

વર્ષાઋતુમાં પ્રવાસ-પ્રયાણ કરવું નહિં, માટી ખોદવી નહિં, રીંગણાં, અડદ, ચોળા, કળથી, તુવેર અને કાલીંગડાં વગેરે વસ્તુઓ તથા મૂળા ( કંદમૂળ ) તાંજળીયાની ભાજી વગેરે ન ખાવી, તથા એકવાર જમવું. હે મહીપાલ ! આ પ્રમાણે વર્તવાથી તે ભક્તજન ચતુર્ભૂજ થઇ પરમગતિને પામે છે.

તેમજ રાત્રિભોજનનો નિરંતર ત્યાગ કરવો જોઇએ; તેમાંયે ચાતુર્માસમાં તો રાત્રિભોજનનો વિશેષરીત્યા સર્વથા ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાણે જે વર્તે છે તે પ્રાણી આ લોક અને પરલોકની સર્વ કામનાને પામે છે. જ્યારે વિષ્ણુ ભગવાન્ શયન કરે છે ત્યારે જે મદ્ય અને માંસનો ત્યાગ કરે છે તેને દર મહિને સો સો અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.

આવી જ રીતે માર્કંડ ઋષિએ ( વસિષ્ઠ ) ભવિષ્યોત્તર પુરાણમાં ચાતુર્માસિક કર્ત્તવ્ય વિસ્તારથી આપ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે કે—

હે રાજન્ ! જે મનુષ્ય ચાતુર્માસમાં તેલ ન ચોળાવે તે બહુ પુત્ર-સંતતિ અને ધનવાળો થાય છે. તેમજ પુષ્પાદિ ભોગનો ત્યાગ કરવાથી સ્વર્ગલોકમાં પૂજાય છે. વળી કડુ, ખાટો, તીખો, મીઠો, કષાયેલો, અને ખારો વગેરે છ રસનો ત્યાગ કરે છે તે પ્રાણી કદી નિર્ભાગીપણું નથી પામતો, અને તાંબૂલ ન ખાવાથી તે પ્રાણી ભોગ અને લાવણ્ય પામે છે. ગરમીથી પાકેલા પદાર્થો વગેરેનો ત્યાગ કરવાથી દીર્ઘ સંતતિ પામે છે. જે જમીન ઉપર આસન પાથરી સૂવે તે વિષ્ણુનો અનુચર થાય છે. જે એકાન્તરે ઉપવાસ કરે છે તે બ્રહ્મલોકમાં પૂજાય છે. જે નખ અને કેશ વધારે છે તેને રોજ રોજ ગંગા સ્નાનનું ફલ મળે છે; માટે ચાતુર્માસમાં ઉપવાસ કરવા અને નિરંતર મૌનપૂર્વક આહાર કરવો-જમવું એ વ્રત કરવું.

એટલે ચાતુર્માસમાં જેમ જૈન શાસ્ત્રકાર મહારાજો આરંભસમારંભનો ત્યાગ-તપશ્ચર્યાદિ આરાધના અને સંયમપાલન કરવા જણાવે છે તેમ અજૈન શાસ્ત્રકારો પણ પોતાના ભક્તોને આરંભસમારંભનો ત્યાગ, અભક્ષ્યત્યાગ, ઉપવાસાદિ કરવાનું જણાવે છે.

કૃષ્ણ મહારાજે પરમાત્મા શ્રી નેમિનાથજી ભગવાનના ઉપદેશથી દ્વારકાની બહાર ન જવાનો નિયમ લીધો હતો. ચૌલુક્ય ચૂડામણિ પરમાર્હત્ મહારાજા કુમારપાલે કલિકાલસર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજના ઉપદેશથી જે મહાન પ્રતિજ્ઞા લીધી હતી તે પણ વાંચવા જેવી છે—

**दर्शनं सर्वचैत्यानां गुरोरपि च वंदनम् ।**
**मुक्त्वा पुरेऽपि न प्रायो भ्रमिष्याभि घनागमे ॥१॥**
**वाचा युधिष्ठिरः श्रीमान् निजमङ्गीकृतं व्रतम् ।**
**न तत्याज चौलुसिंहः कार्ये महत्यपि ॥२॥**

**ભાવાર્થ:**—નગરમાં રહેલાં સર્વ જિનમંદિરોનાં દર્શન અને ગુરુનું વંદન; આ કાર્ય સિવાય પ્રાયઃ નગરમાં ફરીશ પણ નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિજ્ઞામાં યુધિષ્ઠિર સમાન દઢપ્રતિજ્ઞ રાજા કુમારપાલ કોઈ પણ મહાન કામ આવવા છતાં યે પોતાની પ્રતિજ્ઞામાં દઢ હતા—અટલ હતા.

યદ્યપિ તેમની આ પ્રતિજ્ઞાની આકરી કસોટીનો સમય પણ આવ્યો છે; અને રાજા પોતાની પ્રતિજ્ઞામાં દઢ જ રહેલ છે; કિન્તુ સૂરિજી મહારાજે તે વખતે જૈન શાસનની પ્રભાવના ખાતર અને રાજાને ધર્મમાં સ્થિર કરવા ખાતર દૈવીશક્તિથી તે પ્રસંગને શોભાવ્યો છે.

એટલે શ્રી જિનવરેંદ્ર દેવની આજ્ઞામાં તત્પર શ્રદ્ધાળુ મુમુક્ષુઓનું કર્ત્તવ્ય છે કે ચાતુર્માસમાં તો **અવશ્ય ધર્મ**ધ્યાન કરે; આરંભસમારંભનો ત્યાગ—**સર્વ**થા ત્યાગ કરે અને આત્મકલ્યાણ માટે તત્પર બને.

હવે આપણે પ્રસ્તુત વિષય ઉપર આવીએ. ચાતુર્માસિક કર્ત્તવ્યમાં **પ્રથમ સામાયિક** જણાવેલ છે. આપણે પ્રથમ સામાયિકનું મહત્વ જોઇએ. ઉત્તરાધ્યયન સૂત્ર **પ્રશ્ન:**—

**सामाइएणं भन्तेरजीवे किं जणइ**

હે ભગવન્! સામાયિકથી ભવ્ય જીવ શું પ્રાપ્ત કરે?

**ઉત્તર:**—

**"सामाइएणं सावज्जजोग विरइं जणइ"**

સામાયિક કરવાથી જીવ સાવદ્યયોગથી વિરતિ—નિવૃત્તિ પામે છે.

**सामायिकं च मोक्षांगं परं सर्वज्ञभाषितम् ।**
**वासीचंदनकल्पानामुक्तमेतमहात्मनाम् ॥**

**ભાવાર્થ:**—વાંસલા અને ચંદન જેમને સમાન છે તેવા સમતા ભાવિ મહાત્માઓ માટે **સામાયિક એ મોક્ષનું** ઉત્કૃષ્ટ **અંગ** છે એમ સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે.

**निरवद्यमिदं ज्ञेयमेकान्ते नैव तत्वतः ।**
**कुशलाशयरुपत्वात् सर्वयोगविशुद्धितः ॥**

**ભાવાર્થ:**—સામાયિક કુશલાશય—ઉત્તમ આશયરૂપ હોવાથી અને તેમાં સર્વયોગ—મન, વચન અને કાયયોગ—ત્રિકરણ યોગની વિશુદ્ધિ હોવાથી તત્વાર્થ—પરમાર્થથી તો તેને એકાંતે જ નિરવદ્ય—પાપરહિત જાણવું.

**सामायिकविशुद्धात्मा सर्वथा घातिकर्मणः ।**
**क्षयात्केवलमाप्नोति लोकालोकप्रकाशकम् ॥**

પૂ. પા. આચાર્ય ભગવાન શ્રી
હરિભદ્રસૂરિજી મ.

**ભાવાર્થ:**—સામાયિકથી પરમ પવિત્ર થએલો આત્મા, સર્વથા ઘાતિકર્મના ક્ષયથી લોકાલોકને જણાવનારું કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ સાથે આપણે સામાયિકનું મહાન ફલ પણ જોઈ લઇએ.

**दिवसे दिवसे लक्खं,देइ सुवण्णस्स खंडियं एगो।**
**एगो पुण सामाइयं, करेइ न पहुत्तये तस्स॥**

**ભાવાર્થ**—એક માણસ શુદ્ધ મનથી—સમભાવ પૂર્વક એક સામાયિક કરે, અને એક માણસ નિરંતર લાખ ખાંડી—સોનાનું દાન કરે પણ સામાયિકની તુલનામાં તે લાખ ખાંડી સોનાનું દાન કરનાર ન આવી શકે.

**सामाइयं कुणंतो समभाव सावओ घडिअ दुगं ।**
**आउ सुरेसु बंधइ, इत्तिय मित्ताइं पलिआइं ॥**

સમભાવપૂર્વક બેઘડીનું સામાયિક કરનાર મહાનુભાવ નીચે જણાવ્યા પ્રમાણે પલ્યોપમ પ્રમાણ દેવ આયુષ્ય બાંધે.

**बाणवईकोडिओ लक्खागुणसट्ठि सहसपणवीसं।**
**नवसयपणविसाए सतिहाअडभागपलिअस्स॥**

**सत्तहत्तरिसत्तसयासतहु—**
**त्तरिसह लक्ख कोडीओ**
**सगवीसं कोडिसया,**
**नवभागासत्तपलिअस्स ॥**

**ભાવાર્થ:**—બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ, પચીશ હજાર નવશેપચીશ $\frac{7}{8}$ (સાત અષ્ટમાંશ) ભાગ પલ્યોપમ, અર્થાત ૯૨૫૯૨૫૯૨૫$\frac{7}{8}$ પલ્યોપમ દેવાયુ બાંધે તથા સત્તાવીશ સાતસો સત્તોતેર હજાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાખ કોટી અને સત્તાવીશસેં લાખ કોટી નવ ભાગ સાત પલ્યોપમ પ્રમાણુ દેવગતિનું આયુષ્ય બાંધે છે.

આ બધી વસ્તુ આપણને બહુ જ સરસ રીતે સમજાવે છે કે સમભાવપૂર્વક કરેલું સામાયિક મહાન્ અપૂર્વ ફલ આપનાર છે,

સામાયિક શબ્દની વ્યાખ્યા જ આપણને સમભાવનું મહત્ત્વ સૂચવે છે.

**સમ=સમભાવ,** દરેક જીવ પ્રત્યે સમભાવ. ચાહે કોઈ નિંદે કે સ્તવના કરે, કોઇ આદર કરે કે અનાદર, કોઇ સન્માને કે અપમાને, ચાહે કોઇ શત્રુ હો કે મિત્ર, દરેક પ્રત્યે સમભાવ.

આય=લાભ ઇક=વાળું

અર્થાત્ જે ક્રિયા સમભાવનો લાભ કરાવનારી છે તેનું નામ સામાયિક છે.

**समता सर्वभूतेषु संयमः शुभभावना ।**
**आर्त्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥**

**ભાવાર્થ:**—સર્વ જીવો પ્રત્યે સમભાવ; ઇંદ્રિયોનો સંયમ, મૈત્રી આદિ શુભ ભાવના, આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ, એ જ સામાયિક છે. અર્થાત્ સામાયિકમાં સમભાવ, સંયમ, શુભ ભાવના અને આર્ત્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ અવશ્ય જોઇએ.

આજે ઘણા મહાનુભાવો સામાયિક કરે છે; ખરેખર, તેમની ભાવના, શ્રદ્ધા, અને ધર્મપ્રેમ પ્રશંસનીય છે, પરન્તુ સામાયિકનું સાચું રહસ્ય સમજી વિધિપૂર્વક સામાયિક કરે તો કેવો મહાન્ લાભ થાય તેનો જરૂર વિચાર કરે. હવે આપણે સમભાવનું થોડું મહત્ત્વ વિચારી લઇએ.

( ચાલુ )

## 'ધર્મવીર ઉપાધ્યાય' શ્રી સોહનવિજયજી મહારાજના જીવનચરિત્ર સંબંધે મળેલા અભિપ્રાયો.

"**વંદેમાતરમ્**" તા. ૧૩–૬–૧૯૪૨

**શ્રી સોહનવિજયજી**—પ્રયોજક, ફૂલચંદ હરિચંદ દોશી, પ્રકાશક : શ્રી આત્માનંદ જૈન સભા, મુંબઇ. પંજાબમાં તેમજ મારવાડ વગેરે પ્રદેશમાં પોતાનાં જ્ઞાનબળવડે ભારે નામના મેળવનાર શ્રી સોહનવિજયજી મહારાજની જીવનરેખા આ ગ્રંથમાં રજૂ કરેલી છે. તેમના જીવનના ઘણાક કિસ્સા પ્રેરક છે. તેમનો બોધ હિંદુ–મુસ્લિમ એમ સૌ કોઇને ગ્રાહ્ય હતો, એ તેમની અદ્ભુત શક્તિને આભારી છે.

* * *

**પોરબંદર** તા. ૧૫–૭–૧૯૪૨

**પોરબંદરથી** પ્રસિદ્ધવક્તા **સાહિત્યપ્રેમી શ્રી. વિદ્યાવિજયજી મહારાજ** શ્રી આત્માનંદ જૈન સભા પ્રત્યે લખે છે.

પ્રસ્તુત પુસ્તક બાહ્ય અને આભ્યંતર બન્ને રીતે ઘણું જ આકર્ષક બન્યું છે. આવા એક પરોપકારી મહાપુરુષનું ચરિત્ર બહાર પાડીને તમારી સભાએ કેવળ એ મહાપુરુષ પ્રત્યે જ ભક્તિ કરી છે બલ્કે .સાહિત્યની પણ સારી સેવા કરી છે. લેખનશૈલીમાં સાર્વજનિકતા લાવવાનો લેખકે સારો પ્રયાસ કર્યો છે અને તે બહુ અગત્યની વસ્તુ છે. જૈન લેખકોના હાથે લખાતાં જૈનધર્મ અને જૈન સમાજની સાથે સંબંધ ધરાવતાં પુસ્તકોમાં સર્વોપયોગિતાનો ખ્યાલ રખાય એ બહુ જરૂરનું છે. આ પુસ્તકની શૈલી, પ્રેસકળાનો લાભ, એ બધું ઘણું મજાનું છે અને તેથી આનંદ થાય છે. જૈનો કરતાં જૈનેતરોમાં આવા જૈન મહાપુરુષોનાં ચરિત્રોનો પ્રચાર થાય એ વધુ ઇચ્છવા જોગ છે. ધર્મધ્યાનમાં ઉદ્યમ રાખશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાતઃસ્મરણીય,

**પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ.**



*

જે મહાપુરુષનું જીવન શાંત સાગરની જેમ સદા એકધારી શાંતિથી પરિપૂર્ણ હતું, શાંતિના ઇચ્છુક તરીકે જૈન સંઘમાં જેમનું અદ્વિતીય સ્થાન અને માન હતું, જેમણે પ્રાચીન જૈન જ્ઞાનભંડારો અને પ્રાચીન સમગ્ર સાહિત્યનો જીર્ણોદ્ધાર અને પુનરુદ્ધાર કરવા-કરાવવા દ્વારા ભારતીય પ્રાચીન સાહિત્યની અને તે સાથે જૈન ધર્મની અપૂર્વ સેવા કરવામાં જ જીવનની સાર્થકતા માનેલી હતી, તે શાંતિના અખંડ ધામ સમા, સમદર્શી, પવિત્ર, વ્રત-જ્ઞાનસ્થિર, દીર્ઘજીવી, શાંત, સરલ, અને સમભાવી ત્યાગી તરીકે પોતાનું જીવન સર્વ સન્માનીય રાખી શક્યા હતા. પદવી કે અલંકારો નહિં લીધા છતાં, સારાય સાધુ સમાજમાં તેઓશ્રીનું સ્થાન એક વિશિષ્ટ અનુભવી તરીકે સર્વ શ્રેષ્ઠ હતું. ઉપરોક્ત અનેક ગુણોને લઈને તેઓ એક સંત પુરુષ કહેવાતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાત:સ્મરણીય પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

**શ્રી આત્માનંદ સભા ભાવનગર તરફથી લેવામાં આવેલ સ્વર્ગવાસની નોંધ.**

પરમપૂજ્ય પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ અશાડ શુદિ ૧૦ ને ગુરુવાર તા. ૨૩-૭-૪૨ના રોજ થોડા દિવસની બિમારી ભોગવી ૯૩ વર્ષની વૃદ્ધવયે પાટણ શહેરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચાર જણાવતાં આ સભાને અત્યંત ખેદ થાય છે.

પ્રવર્ત્તકજી મહારાજની જન્મભૂમિ વડોદરા હતી, અને જ્ઞાતિએ દશાશ્રીમાળી જૈન હતા. સં. ૧૯૦૫માં એ મહામુનિનો જન્મ થયો હતો. સં. ૧૯૩૫ ની સાલમાં અઠ્ઠાવીસ વર્ષની યુવાન વયે સ્ત્રીકુટુંબ વગેરેનો ત્યાગ કરી શાંતમૂર્ત્તિ પૂજ્ય હંસવિજયજી મહારાજની સાથે એક જ દિવસે અંબાલા શહેર પંજાબમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના હસ્તે ભગવતી દીક્ષા-ત્યાગમાર્ગ સ્વીકાર્યો અને શ્રી આત્મારામજી મહારાજના સુશિષ્ય થયા હતા.

તેઓશ્રીએ આખા ત્યાગી જીવનમાં અનેક-અંદર અને બહારના કોઈપણ-ઝગડા કે મતભેદથી દૂર રહી એકલી શાંતિ જાળવી હતી, કારણ કે તેઓ શાંતિપ્રિય હતા, તેમજ તેવા સમયે હૃદયમાં દુ:ખ થતું હોવાથી હૃદયમાં કોમળતા હતી. સર્વ કોઈ પરત્વે હૃદયપૂર્વક ધર્મસ્નેહ દાખવતા જેથી સરલ અને કોઈ પણ પ્રસંગે મૈત્રી વગેરે ભાવના સર્વ જીવો પરત્વે તરવરતી હતી તેથી જિંદગી સુધી સમભાવી જીવન જીવ્યા હતા.

જે મહાપુરુષનું જીવન શાંત સાગરની જેમ સદા એકધારી શાંતિથી પરિપૂર્ણ હતું, શાંતિના ઇચ્છુક તરીકે જૈન સંઘમાં જેમનું અદ્વિતીય સ્થાન અને માન હતું, જેમણે પ્રાચીન જૈન જ્ઞાનભંડારો અને પ્રાચીન સમગ્ર સાહિત્યનો જીર્ણોદ્ધાર અને પુનરુદ્ધાર કરવા-કરાવવા દ્વારા ભારતીય પ્રાચીન સાહિત્યની અને તે સાથે જૈન ધર્મની અપૂર્વ સેવા કરવામાં જ જીવનની સાર્થકતા માનેલી. તે શાંતિના અખંડ ધામસમા સમદર્શી, પવિત્ર, વ્રતજ્ઞાનસ્થવિર, દીર્ઘજીવી, અનેકાનેક ગુણવિભૂષિત એક સંતપુરુષ હતા.

## સ્મરણાંજલિ

પ્રવર્ત્તન જેણે કર્યું સંસારમાં આત્માર્થે;
વયોવૃદ્ધ દાદા મુનિનું જીવન વીત્યું પરમાર્થે,
રહી પાટણ પુરમાં શાસનને શોભાવીયું;
તનમનતણી તાકાત ખર્ચી જીવનને દીપાવીયું. ૧

કરી જૈનધર્મ પ્રભાવના અણિશુદ્ધ સંયમ પાળીને;
શ્રીગુરુ કાંતિવિજય મુનિ આજે ગયા દેહ ત્યાગીને,
કાંતિ આત્મદેવની છે ચિરંજીવ જિન શાસને;
તીર્થ જંગમ મહામૂલું ખોતાં ખોટ છે સંઘને. ૨

વિજય કરવા કર્મનો કમર કસીને છે લડ્યા;
જય કરતાં શત્રુ પર સ્વર્ગતણાં દ્વારે ચડ્યા,
યશ કીર્તિ આપની ગાવી રહી વિયોગમાં;
જીવીને મરજીવા પદ 'અમર' રહો સંસારમાં. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓને જ્ઞાનભક્તિ ઉપર અપૂર્વ પ્રેમ હતો, અને તેથી સાહિત્યનું સંરક્ષણ અને સંશોધન એ તેઓશ્રીના જીવનનું જ ધ્યેય અને મુખ્ય વિષય હતા. જેથી પોતાના સાધુજીવનમાં પોતાના વિહાર દરમ્યાન જે જે સ્થળોથી ઉપયોગી સાહિત્ય પ્રાપ્ત થતું તેનો સંગ્રહ પણ ઘણો જ મોટો કરેલો હતો. તેઓ જૈનધર્મના પ્રખર અભ્યાસી હોવાથી પ્રાચીન ગ્રંથોના સંશોધક અને ગ્રંથ ભંડારોને નવું જીવન આપનાર પિતા તુલ્ય હતા.

તેઓશ્રીની જ્ઞાનોપાસના અને જ્ઞાનોદ્ધાર જેવા મહાન કાર્યોના શુભ સ્મારક તરીકે વડોદરા શહેરમાં તેઓશ્રીના ઉપદેશથી એક સુંદર જ્ઞાન-મંદિરનું મકાન તમામ સગવડવાળું શ્રી સંઘે બનાવતાં પોતાનો મોટો સંગ્રહ તાડપત્રીય, કાગળ ઉપરની પ્રતો ( આગમો, દરેક સાહિત્યના ગ્રંથો) તેમજ તેમાં આધુનિક છપાતાં ઉપયોગી ગ્રંથો શ્રી સંઘને અર્પણ કરી આખી જૈન સમાજ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે; જેની વ્યવસ્થા અને સંગ્રહ દરેક શહેરના ભંડારોને અનુકરણીય અને જોવા લાયક છે. આ રીતે બીજો ભંડાર છાણી ( ગુજરાત ) શહેરમાં મોજુદ છે. તેમાં પણ તેઓશ્રીનો મુખ્ય ભાગ હતો.

લીંબડી શહેરમાં ચાતુર્માસ વખતે ત્યાંના ભંડારમાં પણ કેટલીક ઉપયોગી વસ્તુઓ જાણી, ત્યાં પણ સંશોધન, ફેરીસ્ત, રજીષ્ટર, વ્યવસ્થા કરી છે. પાટણ શહેરમાં જે જે ભંડારો છે તે પ્રાચીન જૈન દર્શનનો અપૂર્વ વારસો અને દોલત છે, ત્યાંની સ્થિતિ જોઇ તેઓશ્રીના આત્માને ઘણું દુઃખ થયું. કેટલુંક ઉપયોગી જીર્ણ થઇ ગયું હતું, કેટલાંકનો ભૂકો થઇ નાશ થયો હતો; એ ધ્યાનમાં લઇ આ સર્વ ભંડારો એક સ્થળે આવે, શ્રી સંઘ તેને સંભાળે તો જે રહ્યું છે તેનું સંરક્ષણ થાય, લાંબો વખત જળવાય, પ્રકાશન થઇ પ્રચાર થતાં જૈનદર્શન ઇતર દર્શનોમાં ગૌરવ પામે તેમ જાણી તેઓશ્રીના સહકાર અને પ્રેરણા–આજ્ઞાથી તેઓશ્રીના સ્વર્ગવાસી વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ અને વિદ્યમાન વિદ્વાન પ્રશિષ્ય સાક્ષરવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે વડોદરા–છાણીના નવા ભંડારોને જન્મ આપ-વામાં, લીંબડી–પાટણના ભંડારોનું સંશોધન, ફેરીસ્ત, અનુક્રમે સમજી શકાય તેવી રજીસ્ટર નોંધ કરી અનેક અપૂર્વ ગ્રંથોનું સુંદર અને પ્રમાણિક સંશોધન કરી બીજી રીતે સમાજને ચરણે ધર્યું છે અને હજી પણ પ્રકાશન પ્રચાર શરૂ જ છે. આવા જ્ઞાનભક્તિના કાર્યમાં સુશિષ્યોની સાથે તેઓશ્રીએ શરીરની પણ ખેવના કરી નથી કે જે ઉપકાર જૈન સમાજ વરસોના વરસો સુધી ભૂલી શકે તેમ નથી. આ જ્ઞાનમંદિરમાં એકત્રિત થતો સંગ્રહ, તાડપત્ર અને કાગળ પર હસ્તલિખિત શુમારે પંદર હજારની સંખ્યામાં છે જેમાં અનેક અપૂર્વ ગ્રંથો છે.

પ્રવર્ત્તકજી મહારાજના હૃદયમાં પાટણ ભંડારો જે જુદે જુદે સ્થળે ગૃહસ્થોને ત્યાં છે, તે એકત્ર કરી પાટણના જૈન સંઘના રક્ષણ તળે એકત્રિત થાય તો હવે જેટલું રહ્યું છે તે લાંબા વર્ષો સુધી સચવાય એવી પૂર્ણ અભિ-લાષા પોતાના જીવનમાં હતી. જે જે ગૃહસ્થો વગેરેને ત્યાં ભંડારો હતા તેને ઉપદેશ આપી જ્ઞાનનું માહાત્મ્ય સમજાવતાં, તેઓશ્રીના શાંત, માયાળુ સ્વભાવને લઇ તેઓશ્રીનો પ્રભાવ તે તે ભંડારના માલીકો ઉપર પડતાં તેમની ઇચ્છા પ્રમાણે શ્રી સંઘના સંરક્ષણમાં આવે તેમ કબૂલ કરાવ્યું. હવે તેને માટે સુંદર ફાયરપ્રૂફ મકાન જોઇએ તે માટે પુણ્યશાળી આત્મા ઝવેરી મોહનલાલભાઇ મોતીચંદને ઉપદેશ આપ્યો અને તેમણે પોતાના સુપુત્રો હેમચંદ-ભાઇ વગેરેને મોહનલાલભાઇએ છેલ્લી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિએ રૂા. ૫૦૦૦૦) પચાસ હજાર તે માટે આપવા જણાવ્યું; જેથી તેમની પાછળ તેમના સુપુત્રો હેમચંદભાઇ વગેરેએ જાતિદેખરેખ રાખી એક સુંદર મકાન પાટણમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુના મંદિરના કમ્પાઉન્ડમાં શ્રી સંઘની રજા લઇ બંધાવી આપ્યું, અને તેને **શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર** નામ આપી સં. ૧૯૯૫ ની સાલમાં રા. રા. મહેરબાન કનૈયાલાલ મુનશી સાહેબના મુબારક હાથે શ્રી સાહિત્યપરિષદની ખાસ બેઠક વખતે અનેક સાક્ષરો, વિદ્વાનો અને પાટણના શ્રી સંઘની વચ્ચે તેની ઉદ્દઘાટનક્રિયા કરવામાં આવી. જ્ઞાનમંદિર એટલું સુરક્ષિત અને સુંદર છે કે દરેક જૈન બંધુએ તે જોવાની જરૂર છે, અને પરદેશી વિદ્વાનો પણ ત્યાં જોઇ પ્રશંસા કરે છે. હાલ તો જ્ઞાનમંદિરમાં સાક્ષરવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ ફુરસદે ફુરસદે તેને વ્યવસ્થિત કરવાનું સુંદર કાર્ય કરે છે. શ્રી પ્રવર્ત્તકજી મહારાજને આ અપૂર્વ કાર્ય, જૈન દર્શનની અપૂર્વ દોલત–વારસાના સંરક્ષણનું અનુપમ કાર્ય તો પોતાનાં જીવનનું અંતિમ ધ્યેય થઇ પડયું હતું.

શ્રી પ્રવર્ત્તક મહારાજને કોઇ મોટી પદવી, અલંકાર કે કીર્તિનો જરા પણ મોહ ન હતો. કારણ કે તેવો પ્રસંગ સાંપડતાં તેઓ નિરભિમાનપણે સરલ અને સમભાવી રહ્યા હતા; જેથી ભારતવર્ષના આખા જૈન સમાજમાં તેઓનું સ્થાન એક વિશિષ્ટ પ્રકારનું હતું. તેઓશ્રી કવિ પણ હતા. જેથી તેઓશ્રીની કૃતિના સ્તવનો–સજ્ઝાયો પદો વગેરે પ્રકટ થયા છે તે વાંચવાથી તેઓશ્રી માટે માન ઉત્પન્ન થાય તેવું છે એટલું જ નહિ પણ આહ્લાદ ઉત્પન્ન કરે તેવું છે.

તેઓશ્રી પોતાના શિષ્ય–પ્રશિષ્યોની બિમારી પ્રસંગે વૈયાવચ્ચ–સારવાર એટલી લાગણીપૂર્વક કરતાં કે સંસારી પિતા પણ તેટલું ન કરી શકે તે અનુભવસિદ્ધ વાત છે.

આ સભા ઉપર તેઓશ્રીનો તથા બંને શિષ્યરત્નોનો અનહદ ઉપકાર છે. આ સભા તરફથી પ્રાચીન સાહિત્યનું જેટલું પ્રકાશન થયું છે, જે જૈન જૈનેતર વિદ્વાનોએ આ સભામાં જોઇને પ્રશંસા કરી છે અને જે માટે આ સભાનાં પ્રતિષ્ઠા અને ગૌરવ દેશપરદેશ વધતાં જાય છે, તે માટે સ્વર્ગવાસી આ મહાત્માની તથા વિદ્વાન મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજની તથા સાક્ષરવર્યશ્રી પુણ્યવિજયજી મહારાજની સભા હંમેશાં આભારી છે અને તે ઋણ અદા કરવા સભા અસમર્થ હોવા છતાં તે માટે સર્વ સભાસદો માત્ર નિરંતર સ્મરણ કરી આભાર માને છે.

તેઓ સાહેબનું સંગ્રહિત એટલું બધું સાહિત્ય પોતાની પાસે છે જે વગર પ્રગટ થયેલ પડેલું છે કે તેની સંકલના–રચના અને ચાલતી વિવિધ ભાષાઓમાં વિદ્વાન સાહિત્યકારો પાસે તૈયાર કરી પ્રકાશ અને પ્રચાર કરતાં ઘણો વખત અને લાખો રૂપિયા જેટલી રકમ જોઇએ, છતાં જૈન સમાજે તેનું પ્રકાશન–પ્રચાર કરવાનું કાર્ય ઉપાડી લેવું જોઇએ. અમો તે શાંતિના અખંડ ધામ સમા, સમદર્શી મહાન ઉપકારી ગુરુદેવના પવિત્ર આત્માની શાંતિ ઇચ્છતાં તેઓશ્રીનું આ ઉત્તમ કાર્ય તેઓશ્રીના શિષ્યરત્ન સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ વધુને વધુ કરવા સમર્થ નીવડે એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી મળેલી શોકસભા.

અશાડ વદિ ૩ ગુરુવારના રોજ રાત્રિના સાડાઆઠ કલાકે શેઠશ્રી ગુલાબચંદ આણંદજીના પ્રમુખપણા નીચે સભાના મકાનમાં આ સભાની જનરલ મીટિંગ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજનો પાટણ શહેરમાં અશાડ શુદિ ૧૦ ગુરુવારના રોજ સ્વર્ગવાસ થતાં દિલગીરી જાહેર કરવા મળી હતી.

પ્રથમ સભા મેળવવાનું કારણ જણાવ્યા બાદ સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે ગદ્‌ગદ્ કંઠે પ્રવર્ત્તકજી મહારાજના ગુણાનુવાદ કરતાં તેઓનો સભા ઉપર વર્ષોના વર્ષોથી મહાન ઉપકાર છે અને ગૌરવ લેવા જેવી ઉચ્ચ સ્થિતિ માટે લંબાણથી વિવેચન કર્યું હતું. અને એ મહામુનીશ્વરે લીંબડી-પાટણના ભંડારોનું પોતાના વિદ્વાન સુશિષ્યો સદ્‌ગત મુનિરાજ શ્રીચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજના સહકારવડે સંશોધન-વ્યવસ્થિત કરવા ઉપરાંત વડોદરા-છાણી જ્ઞાનભંડારનો જન્મ આપી પોતાનું સર્વ ત્યાં અર્પણ કર્યું હતું વિગેરે વિવેચન અસરકારક રીતે કર્યું હતું. ત્યારબાદ સર્વાનુમતે દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તે ઠરાવ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પાટણના શ્રી સંઘ તથા પટ્ટી આ. શ્રીમાન વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ ઉપર મોકલી આપવા ઠરાવ્યું હતું. ત્યારબાદ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસની દરખાસ્ત અને શેઠ હરજીવનદાસ દીપચંદના ટેકાથી પરમકૃપાળુ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના સ્મરણાર્થે સ્મારક માટે કંઇપણ ફંડ કરવાનો સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, અને 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજના ફોટા સાથે સ્વર્ગવાસની નોંધ વિગતવાર લેવા ઠરાવ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માની સભા વિસર્જન કરવામાં આવી હતી.

## શોકસભા.

અશાડ વદિ ૩ ગુરુવારના રોજ ચાર વાગે શ્રી **ભાવનગરનો તપાસંઘ,** શ્રી. મોતીચંદ ઝવેરચંદના પ્રમુખપણા નીચે પૂજ્ય પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજનો પાટણ શહેરમાં અશાડ શુદિ ૧૦ ગુરુવારના રોજ સ્વર્ગવાસ થતાં દિલગીરી જાહેર કરવા મળ્યો હતો. પ્રથમ પ્રમુખ સાહેબે પોતાનો પરિચય આપી પોતાનું વક્તવ્ય જણાવ્યું હતું, ત્યારબાદ શેઠશ્રી કુંવરજી આણંદજીએ સંક્ષિપ્તમાં પ્રવર્ત્તકજી મહારાજના ગુણાનુવાદ જણાવતાં છેવટ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે લંબાણથી એ પરમકૃપાળુ મહામુનિરાજે જૈન સમાજ ઉપર કરેલા ઉપકારો વગેરે માટે વિવેચન કર્યું હતું. ત્યારબાદ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસની દરખાસ્ત અને શેઠશ્રી કુંવરજી આણંદજીના ટેકાથી શ્રી સંઘે દિલગીરીનો ઠરાવ પસાર કર્યો હતો. જે ઠરાવ પાટણ શ્રી પુણ્યવિજયજી મહારાજ અને પટ્ટી આ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ ઉપર મોકલી આપવા ઠરાવ્યું હતું. છેવટે શેઠશ્રી કુંવરજી આણંદજીની દરખાસ્ત અને શેઠશ્રી હરજીવનદાસ દીપચંદના ટેકાથી શ્રી મોટા દેરાસરજીમાં શ્રી સંઘ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ કરવાનો સર્વાનુમતે ઠરાવ થયો હતો. છેવટે પ્રમુખનો આભાર માની શ્રી સંઘ વિસર્જન થયો હતો.

## પંજાબના વર્તમાન (કસૂર)

પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પરમકૃપાથી નવીન તૈયાર થયેલ દહેરાસરમાં અષાડ શુદિ ૧૦ મીએ ભગવત્પ્રતિમાઓનો પ્રવેશ સમારોહથી શ્રી સંઘે કરાવ્યો હતો.

આચાર્યશ્રીજીકૃત શ્રી ઋષિમંડલની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી સંઘમાં ઉત્સાહ સારો હતો. આ શુભ કાર્યમાં સ્થાનકવાસી બંધુઓ અને અજૈન બંધુઓએ પણ સંમિલિત થઇ પોતાનો ઉત્સાહ બતાવ્યો હતો. લગભગ ૬૦૦) રૂપિયાની આવક થઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શોક સમાચાર—પટ્ટી–પંજાબ.

આષાઢ શુદિ અગીયારસે સવારના આઠ વાગે ચાલતા વ્યાખ્યાને આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ ઉપર પાટણથી નગરશેઠ કેશવલાલભાઈનો દુઃખદ તાર આવ્યો; પૂજ્ય પ્રવર્તકજી ૧૦૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજના સ્વર્ગવાસના સમાચારથી સમસ્ત શ્રી સંઘમાં શોક છવાઇ ગયો, ઝટપટ જૈનોએ દુકાનો બંધ કરી કામકાજ બંધ કર્યું.

આચાર્યશ્રીજીએ ચતુર્વિધ શ્રીસંઘ સાથે દેવવંદન કર્યાં અને વૈરાગ્યવાહિની દેશના આપતાં શ્રી પ્રવર્તકજી મહારાજશ્રીજીએ ભંડારોના–જ્ઞાનોદ્ધારના કરેલાં કાર્યો તથા તેઓના શાંતિ, સમતા, સહનશીલતા, નિષ્પક્ષતાદિ ગુણોનું વર્ણન કરતાં ગદ્ગદ્ થઇ ગયા હતા અને સઘળા લોકો આંખોમાંથી અશ્રુ સારી રહ્યા હતા. આચાર્યશ્રીજીના ઉપદેશથી સ્મારક ફંડ થયું. બપોરે શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજકૃત નવપદની પૂજા ભણાવવામાં આવી.

રાતના શોકસભા ભરી સૌએ ઉભા થઇ નવકારમંત્ર ગણતાં શોકપ્રસ્તાવ પાસ કર્યો.

"પટ્ટીના શ્રી સંઘની આ ખાસ સભા ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર( આત્મારામજી ) મહારાજના સુશિષ્યરત્ન પ્રશાંત ધર્મ–મૂર્તિ વિદ્યા–વયોવૃદ્ધ પ્રવર્તક પ્રવર ૧૦૮ **શ્રી કાંતિવિજયજી મહારાજ**ના સ્વર્ગવાસ થવાથી મહાન શોક પ્રગટ કરે છે. તેઓશ્રીએ પોતાના ઉચ્ચ આચાર–વિચાર, ગુરુભક્તિ, ધર્મ–સમાજસેવાનો જે આદર્શ જૈન સમાજની સન્મુખ ધર્યો છે તે જૈન સમાજના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાઇ રહેશે. તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈન સમાજમાં જે ખામી પડી છે તે પુરી થવી કઠિન છે. તેઓશ્રીજીના આત્માને પરમશાંતિ મળે એમ ઇચ્છીએ છીએ.

શ્રી સંઘ શ્રી શાસનદેવની પ્રાર્થના કરે છે કે શ્રી પ્રવર્તકજી મહારાજના વિયોગથી અત્રેના જૈન સમાજને અને તેમના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય મુનિરત્ન શ્રી પુણ્યવિજયજી મહારાજાદિ મુનિરાજોને ધૈર્ય ધારણ કરવાની શક્તિ મળે અને તેઓ પ્રવર્તકજી મહારાજના કાર્યોને આગળ ને આગળ ધપાવતા રહે."

આચાર્યશ્રીજીદ્વારા પંજાબભરમાં શ્રી પ્રવર્તકજી મહારાજના સ્વર્ગવાસના સમાચાર વિજળીની વેગે ફેલાતાં પંજાબભરનો શ્રી સંઘ શોકમગ્ન થઇ ગયો અને શોકસભાઓ ભરી શોકપ્રસ્તાવ પસાર કરી આચાર્યશ્રીજી ઉપર અને પાટણ શ્રી પુણ્યવિજયજી મહારાજ ઉપર મોકલી આપેલ છે. પૂજા આદિ પણ થઇ રહેલ છે.

## પંજાબ શ્રી સંઘનો શોકપ્રસ્તાવ.

"શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબ અને શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબની મીટિંગો પર એકત્રિત થયેલ પંજાબ શ્રી સંઘની આ સભા ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વર(આત્મારામ)જી મહારાજના સુયોગ્ય શિષ્ય પ્રશાંતમૂર્ત્તિ, વયોવૃદ્ધ, વંદનીય પ્રવર્ત્તક ૧૦૮ શ્રી કાન્તિવિજયજી મહારાજના સ્વર્ગવાસથી હાર્દિક મહાન્ શોક પ્રગટ કરે છે. તેઓશ્રી જૈન જગતમાં એક આદર્શ મહાત્મા હતા. તેઓશ્રીના ઉચ્ચ આચાર-વિચાર, ગુરુભક્તિ, શાસનસેવા–આદિ ગુણો અમારી સમક્ષ ગૂંજી રહેલા છે. તેઓશ્રી અમારા પંજાબ શ્રી સંઘના પ્રાણ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજના પરમ સહાયક હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈન જગતમાં મોટી ખામી પડી છે તે પૂરાય તેમ નથી લાગતી.

શાસનદેવને પ્રાર્થના છે કે તેઓશ્રીના આત્માને અખંડ શાંતિ મળે અને તેઓશ્રીના વિયોગથી સંતપ્ત જૈન જગતને અને તેઓશ્રીના પ્રશિષ્યરત્ન મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી આદિ મુનિરાજોને ધૈર્યતા મળે, તથા તેઓ સ્વર્ગવાસી શ્રી પ્રવર્તકજી મ૦ના કાર્યોને ધપાવતા રહે."

## મોરબી.

પૂજ્યપાદ પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીના પાટણ મુકામે થયેલ સ્વર્ગવાસના ખબર મળતાં તેમના શિષ્ય મુનિમહારાજ શ્રી ગુલાબવિજયજી અત્રે ચાતુર્માસ રહેલા હોઇ તેમની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના

**શ્રી શંખેશ્વર મહાતીર્થ :**–ભાગ ૧–૨ સંગ્રાહક અને સંપાદક મુનિરાજ **શ્રી જયંતવિજયજી** મહારાજ. પ્રકાશક, શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા છોટાસરાફા–ઉજ્જૈન ( માળવા ). આ તીર્થ મહાપ્રભાવક અને મહત્વનું તીર્થ છે અને તે વીરમગામ રાધનપુર વચ્ચે આવેલ છે. આ પ્રાચીન તીર્થનો પ્રાચીન ઇતિહાસ, ઉત્તમ પ્રસંગો, વહીવટ, વ્યવસ્થા, સાથેના અન્ય જિનાલયો, ધર્મશાળાઓ, આવેલા સંઘો, સાધુસાધ્વીના વિહાર પ્રસંગો, આ તીર્થને લગતી પંચતીર્થીમાં આવેલ ગામો, જિનાલયો, જૈન વસતી, પ્રાચીન નામો, આ તીર્થમાં જવાના સુગમ અને જુદા જુદા માર્ગો, તેના ભોમીયા તરીકે નકશો, વગેરે પ્રથમ ભાગમાં, અને બીજા ભાગમાં શિલાલેખો, સ્તવનો આ તીર્થના પ્રાચીન કલ્પ, સ્તવનો, સજ્ઝાયો, વગેરે સંગ્રહ બહુ જ પરિશ્રમપૂર્વક, પ્રમાણિકપણે મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજે આપી ઐતિહાસિક સાહિત્યમાં વધારો કર્યો છે. આબુજીતીર્થના બે ભાગની જેમ પણ આ ગ્રંથમાં કાળજીપૂર્વક સંશોધન કરી સુંદર રચના કરી છે જેનાથી તેઓ સાહેબનું ઐતિહાસિક જ્ઞાન જણાઈ આવે છે. ગ્રંથ વાંચવા જેવો લાઇબ્રેરી, ભંડારોને અતિ ઉપયોગી છે. કિં. રૂા. ૧-૪-૦. કિંમત યોગ્ય અને પ્રચારદષ્ટિએ ઓછી છે.

**શ્રમણ ભગવાન મહાવીર:**–કર્ત્તા: પુરાતત્ત્વવેત્તા પંન્યાસજી મહારાજ **શ્રી કલ્યાણવિજયજી** ગણિ પ્રકાશક: શ્રી ક૦ વિ૦ શાસ્ત્રસંગ્રહ સમિતિ, ઝાલોર. જૈન ઇતિહાસના લાંબા વખતના અભ્યાસ, અને આગમો, ઐતિહાસિક વિષયોના વિવિધ ગ્રંથોના નિચોડ અને શોધપૂર્વક આ ગ્રંથ પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે અતિ પરિશ્રમે લખેલો છે. પ્રભુની છદ્મસ્થાવસ્થાના સમયથી કેવળજ્ઞાન પ્રાપ્તિની કાળગણનાની બાબતમાં જે મતભેદો છે તે બતાવી કલ્પસૂત્ર વિગેરે ગ્રંથો છે તે ઉપર સામાન્ય લખી કેવલીજીવનનું રેખાચિત્ર આ ગ્રંથમાં વિસ્તારપૂર્વક, વ્યવસ્થિત રીતે આપવામાં આવેલ છે; જેથી વાંચકવર્ગને જે વસ્તુ ચરિત્ર ગ્રંથો વગેરેમાં નથી તે આ ગ્રંથમાંથી જાણવા મળી શકશે. એટલે પંન્યાસજી મહારાજે આ કૃતિ ઘણી સુંદર, સરલ કરી ઐતિહાસિક સાહિત્યમાં ઔર વૃદ્ધિ કરેલ છે. દરેક વાંચનાલય અને જ્ઞાનભંડારમાં રાખવા લાયક આ ગ્રંથ બન્યો છે. કિંમત રૂા. ૩–૦–૦. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

---

અધ્યક્ષતામાં તેમજ પૂ. મુનિમહારાજ શ્રી નેમસાગરજી મહારાજ તથા સાધ્વીજી જીતશ્રીજી, જયશ્રીજી તથા તારાશ્રીજીની સાથે શ્રી સકળ સંઘે દેવવંદનની ક્રિયા કરી હતી. તેમના પુણ્યાર્થે આજે અંતરાયકર્મની પૂજા ભણાવી હતી. પૂ. વયોવૃદ્ધ ગુરુદેવનાં સ્વર્ગવાસ નિમિત્તે શ્રી મૂર્તિપૂજક જૈનસંઘે પાખી પાળી હતી અને ગુણાનુવાદ કરવા સાથે શોકદર્શક ઠરાવ પાટણ જૈન સંઘને મોકલી આપ્યો હતો.

### આગ્રા.

પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થવાથી આગ્રા શ્રી સંઘ દિલગીરી જાહેર કરવા મળ્યો હતો, જેમાં નીચે પ્રમાણે ઠરાવ થયો હતો.

'આગ્રા શ્રી સંઘ, શ્રી પ્રવર્ત્તકજી કાંતિવિજયજી મહારાજના સ્વર્ગવાસથી અફસોસ–દિલગીરી જાહેર કરે છે. શાસનદેવ સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપો.'

### ચાતુર્માસ નિર્ણય.

પૂજ્ય મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ તથા મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ આદિનું ચાતુર્માસ વિસનગર ખાતે નક્કી થયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## જાહેર ખબર

**નીચેના ગ્રંથો સીલીકમાં જૂજ છે; જેથી મંગાવનારે વેલાસર મંગાવવા.**

૧. દેવસિરાઇ પ્રતિક્રમણ વિધિ અર્થ સહિત ગુજરાતીમાં ... ... ... રૂા. ૦-૧૨-૦

૨. પંચપ્રતિક્રમણ વિધિ, અર્થ અને અનેક ઉપયોગી હકીકતો સહિત ગુજરાતીમાં ... રૂા. ૧-૮-૦

૩. પંચપ્રતિક્રમણ વિધિવિધાન, અર્થ અને અનેક ઉપયોગી હકીકત સાથે ( નિર્ણયસાગર પ્રેસ-મુંબઇમાં છપાયેલ ) શાસ્ત્રી ટાઇપમાં-સુંદર પાકા બાઇન્ડીંગ સહિત.. ... રૂા. ૨-૦-૦

( દરેકમાં પોસ્ટેજ અલગ. )

---

# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

**( શ્રી વર્ધમાનસૂરિકૃત. )**

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ સં. ૧૨૯૯ ની સાલમાં** લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશકિત અદ્દભુત છે, તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહલાદક કથાઓ આપેલી છે. કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના-જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વ વાંચવા જેવું અનેક પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે. )


---

## વડી દીક્ષા મહોત્સવ.

ખંભાત શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં અશાડ શુદિ ૧૦ ના રોજ આ૦ વિજયઉમંગસૂરિજી મહારાજના હસ્તે મુનિશ્રી કૈલાસવિજયજીને અને મુનિશ્રી હેમવિજયજીને વડીદીક્ષા આપવામાં આવી હતી અને તેઓને પં. શ્રી ઉદયવિજય ગણિના શિષ્ય મુનિશ્રી ચિત્તવિજયજી અને મુનિશ્રી હેમવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-

## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઇતિહાસિક ગ્રંથ.

ઐતિહાસિક કથા-સાહિત્યના આ ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્ય મહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર કથાનક ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિત જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સરલ, સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓ માટે ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતાં પણ ખાસ આનંદ ઉપન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ | ૪. શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ |
| ૨. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨-૦-૦ | ૫. શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩-૦-૦ |
| ૩. સદર ભાગ ૨ જો. | રૂા. ૨-૮-૦ | ૬. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨-૮-૦ |

રૂા. ૧૩-૮-૦

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨-૦-૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવે છે. એકલો શ્રીપાળ રાસ લેનારાને રૂા. ૧-૪-માં આપવામાં આવશે. ( પોસ્ટેજ અલગ )

---

## કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઈંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only